**આજનો સુવિચાર**

આપણું જીવન અંતે તો અનેક લોકોની ભલાઈ અને ઉપકારનો સરવાળો છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૭૦ જૂનાગઢ તા.૦૧-૧૧-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 270, Junagadh : Date : 01 November, 2023, Wednesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


### તહેવારો ટાંકણે જ મોંઘવારીનો ડામ :

# કોમર્શીયલ સિલિન્ડરનાં ભાવમાં રૂા.૧૦૦નો વધારો ઝીંકાયો



નવી દિલ્હી: આજે ૧ નવેમ્બરથી કોમર્શિયલ વપરાશના રાંધણગેસ સિલિન્ડર ૧૯ કિલોનાં ભાવમાં રૂા.૧૦૦નો વધારો ઝીંકાયો છે. દર મહિને જે રીતે રાંધણગેસના ભાવની સમીક્ષા થાય છે તેના ભાગરૂપે કોમર્શિયલ એલપીજી સીલીન્ડરના નવા ભાવ દિલ્હીમાં રૂા.૧૮૩૩, કોલકતામાં રૂા.૧૯૪૩, મુંબઈમાં રૂા.૧૭૮૫ અને ચેન્નઈમાં રૂા.૧૯૯૯.૫૦ થયા છે. ઓઈલ માર્કેટીંગ કંપનીઓએ ૧૯ કિલોના સિલીન્ડરના ભાવમાં રૂા.૧૦૦થી વધુનો વધારો કર્યો છે.

જો કે ૧૪.૨ કિલોના ગેસ સીલીન્ડર જે ઘરેલું વપરાશના છે તેના ભાવ યથાવત રહ્યા છે પણ તહેવારો સમયે હોટેલો રેસ્ટોન્ટ વગેરેમાં જે વ્યાપકપણે ઉપયોગ થાય છે તે ગેસ સીલીન્ડરના ભાવમાં વધારો થતા હવે બહાર જમવાનું મોંઘુ બનશે. હજું ગત મહિને તા.૧ ઓકટોબરના જ આ ગેસ સીલીન્ડરના ભાવમાં રૂા.૨૦૯નો વધારો થયો હતો અને આ રીતે ૩૨ દિવસમાં ૧૯ કિલો ગેસ સીલીન્ડરના ભાવ રૂા.૩૧૦ વધ્યા છે અને તેની અસર વ્યાપક હશે.

હોટલ રેસ્ટોરા જ નહી ફરસાણ, મીઠાઈ વગરેના ભાવમાં પણ આ ગેસ ભાવ વધારાની અસર થશે. કંદોઈ વગેરે પણ હવે મોટાભાગે ૧૯ કિલોના સિલીન્ડરનો ઉપયોગ કરે છે. જો કે ૧૪.૨ કિલોના સીલીન્ડરમાં અગાઉ જે સબસીડી મળતી હતી તે હવે સંપર્ણ રીતે ખત્મ થઈ છે.

**બ્રેકીંગ ન્યુઝ**
**ઈસ્કોન બ્રીજ અકસ્માત કેસમાં હાઈકોર્ટે પ્રજ્ઞેશ પટેલનાં શરતી જામીન મંજુર કર્યા**

## આગામી પાંચ વર્ષમાં સેન્સેકસ ૧,૦૦,૦૦૦ને સ્પર્શી જશે

નવી દિલ્હી, તા.૧: ભારતીય શેરબજાર તાજેતરના મહિનાઓમાં ઓલટાઈમ હાઈ સપાટી બનાવ્યા પછી ઈઝરાયલ - હમાસ યુદ્ધના કારણે ઘટયું છે. પરંતુ એકસપર્ટ્સ માને છે કે આ ઘટાડો થોડા સમય પૂરતો છે. આગામી વર્ષોમાં ભારતમાં હાઈ-ગ્રોથ ચાલુ રહેશે અને તેના કારણે સેન્સેકસ આસાનીથી ૧,૦૦,૦૦૦ પોઈન્ટનું લેવલ પાર કરી જશે. સેન્સેકસ ૨૩૭ પોઈન્ટ ઘટીને ૬૩,૮૭૪ પર બંધ આવ્યો હતો. સેન્સેકસની ૫૨ વીકની હાઈ સપાટી ૬૭,૯૨૭ છે. માર્કેટના એકસપર્ટ માર્ક મોબિયસે જણાવ્યું કે આગામી પાંચ વર્ષમાં સરળતાથી સેન્સેકસમાં એક લાખનો સ્તર જોવા મળશે. જોકે, તે દરમિયાન વચ્ચે-વચ્ચે કરેકશન પણ આવશે.

# મહારાષ્ટ્રમાં મરાઠા આંદોલનનાં સમર્થનમાં વધુ ૯ લોકોએ આત્મહત્યા કરી : કુલ ૨૫ લોકોએ જીવ આપ્યો

મુંબઈ તા. ૧

મહારાષ્ટ્રમાં મરાઠા આંદોલન અટકવાના કોઈ સંકેત દેખાતા નથી. મરાઠા આંદોલન હિંસક બનીને રાજ્યના ૮ જિલ્લાઓમાં ફેલાઈ ગયું છે અને તેની અસર અન્ય ઘણા જિલ્લાઓમાં જોવા મળી રહી છે. અનામતના સમર્થનમાં અત્યાર સુધીમાં ૨૫ લોકોએ બલિદાન આપ્યું છે. જેમાંથી મંગળવારે વધુ ૯ લોકોએ આત્મહત્યા કરી હતી.

આજે સવારે મુંબઈના કોલાબા વિસ્તારમાં ધારાસભ્યના નિવાસસ્થાને બે અજાણ્યા લોકોએ કારમાં તોડફોડ કરી હતી.જે વાહનોમાં તોડફોડ કરવામાં આવી છે તે મંત્રી હસન મુશ્રીફના કાફલાના વાહનો છે. ડ્રાઈવર કારમાં સૂતો હતો.પોલીસે તોડફોડ કરનારાઓને કસ્ટડીમાં લીધા છે.

મંગળવારે જ મુખ્યમંત્રી એકનાથ શિંદેની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટની મીટિંગમાં જસ્ટિસ સંદીપ શિંદે કમિટીના વચગાળાના અહેવાલને મંજૂરી આપવામાં આવી હતી. જો કે, સરકારે તમામ મરાઠાઓને અનામત આપવાની ભૂખ હડતાળ પર બેઠેલા મનોજ જારંગે પાટીલની માગને ફગાવી દીધી હતી.

મુખ્યમંત્રી શિંદેએ આજે સવારે સર્વપક્ષીય બોલાવી છે. શિવસેના (ઉદ્ધવ જૂથ)ના નેતા સંજય રાઉતે કહ્યું કે તેમની પાર્ટીને આ મીટિંગમાં આમંત્રણ આપવામાં આવ્યું નથી. તેમણે કહ્યું કે અમારી પાસે ૧૬ ધારાસભ્યો અને ૬ સાંસદ છે, પરંતુ અમને બોલાવવાને બદલે એવી પાર્ટીઓને બોલાવવામાં આવી છે જેની પાસે એક પણ ધારાસભ્ય નથી.

બીજી તરફ આંદોલનના નેતા મનોજ જારંગે ચેતાવણી આપી છે કે આંદોલન સમગ્ર દેશમાં ફેલાઈ જશે. મનોજ જારંગેએ મંગળવારે કહ્યું હતું કે સરકારે બુધવારે જ વિશેષ સત્ર બોલાવીને અનામત અંગે નિર્ણય લેવો જોઈએ, નહીં તો તેઓ પાણી પીવાનું પણ છોડી દેશે.

આંદોલનથી સૌથી વધુ પ્રભાવિત બીડ શહેર બાદ પ્રશાસને ઉસ્માનાબાદમાં પણ કર્ફ્યુ લગાવી દીધો છે. બીડમાં ઈન્ટરનેટ બંધ કરી દેવામાં આવ્યું છે. જાલના શહેરમાં પણ છેલ્લાં ૧૨ કલાકમાં ત્રણ લોકોએ આત્મહત્યાનો પ્રયાસ કર્યો હતો. અહીં ૧૩ દિવસથી વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે.આ દરમિયાન શિંદેના શિવસેનાના ધારાસભ્ય રમેશ બોરનારેએ રાજીનામું આપી દીધું છે.




**મહાયોગી વિરેચન ચૂર્ણ**

દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો

કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી

પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે

માર્કેટેડ બાય : **સાગર માર્કેટીંગ**

શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ

ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય

મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦
૯૪૨૯૭ ૭૫૦૭૫


# ભારતમાં હેલ્મેટ નહી પહેરવાથી માર્ગ અકસ્માતની ઘટનામાં ૧ વર્ષમાં ૫૦ હજારથી વધુનાં મોત

## વર્ષ ૨૦૨૨માં ૪.૬૧ લાખ માર્ગ અકસ્માતમાં ૧.૬૮ લાખ લોકોએ જીવ ગુમાવ્યા

નવી દિલ્હી, તા.૧: ઘણા વાહન ચાલકો દ્વારા હેલમેટ, સીટ બેલ્ટ સહિતની સુરક્ષાની અવગણના કરવામાં આવતી હોય છે, જેને કારણે તેઓ અકસ્માતનો ભોગ બનતા હોય છે. એક તરફ સરકાર દ્વારા અકસ્માતો ઘટાડવા ઘણા પ્રયાસો અને અભિયાનો ચલાવાતા હોય છે, તો બીજીતરફ લોકોની બેદરકારી પણ સામે આવતી હોય છે, તેના કારણે માર્ગ અકસ્માતોમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. વર્ષ ૨૦૨૨માં રોડ અકસ્માતોની ઘટનામાં વધારો થયો છે, જે ૨૦૨૧ કરતા રેકોર્ડ સ્તરે પહોંચ્યો છે, એટલું જ નહીં અકસ્માતમાં જીવ ગુમાવનારાઓની પણ સંખ્યામાં વધારો થયો છે.

માર્ગ પરિવહન મંત્રાલય દ્વારા અકસ્માત અંગેનો રિપોર્ટ-૨૦૨૨ જાહેર કાયો છે. રિપોર્ટ મુજબ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોમાં ૨૦૨૨માં કુલ ૪,૬૧,૩૧૨ રોડ અકસ્માતો નોંધાયા છે, જેમાં કુલ ૧,૬૮,૪૯૧ લોકોએ જીવ ગુમાવ્યો છે, ઉપરાંત ૪,૪૩,૩૬૬ લોકો ઈજાગ્રસ્ત પણ થયા છે. વર્ષ ૨૦૨૧ની તુલનાએ વર્ષ ૨૦૨૨માં અકસ્માતોમાં ૧૧.૯ ટકા, મૃત્યુઆંકમાં ૯.૩ ટકા અને ઈજાગ્રસ્તોની સંખ્યામાં ૧૫.૩ ટકાનો વધારો થયો છે. લોકોની બેદરકારી અને નિયમોની અવગણના કારણે પણ માર્ગ અકસ્માતમાં મૃત્યુઆંકમાં વધારો થયો છે. હેલમેટ અને સીટ બેલ્ટ સહિતના સુરક્ષા ઉપાયોની અવગણના કરવાના કારણે ૬૬,૭૪૪ લોકોએ જીવ ગુમાવ્યો છે. હેલમેટ નહી પહેરવાથી ૫૦૦૨૯ લોકોના મોત થયા છે. ટુ-વ્હીલર્સ વાહન પર હેલમેટ પહેરવું ખુબ જ જરૂરી છે, તેનાથી મોતની સંભાવના ખુબ જ ઘટાડી શકાય છે.

# હડતાલ પર ઉતરેલા સસ્તા અનાજનાં દુકાનદારોને સરકારની ગંભીર ચેતવણી

**સરકારને દબાવવાનાં પ્રયાસ થશે તો વૈકલ્પિક વ્યવસ્થા તૈયાર : માત્ર વ્યાજબી માંગણી જ સ્વીકારાશે**

ગાંધીનગર તા. ૧

રાજયનાં સસ્તા અનાજનાં દુકાનદારો દ્વારા આજથી હડતાલ યોજવામાં આવતા ગુજરાત સરકાર એકશન મોડમાં આવી ગઈ છે. રાજય સરકારનાં મંત્રી કુંવરજી બાવળીયાએ કડક ચેતવણી આપી છે કે, નાક દબાવવાનો પ્રયાસ થશે તો કડક કાર્યવાહી થશે. ગરીબોને અનાજ મળે તે માટે સરકાર કટીબધ્ધ છે. વૈકલ્પિક વ્યવસ્થા માટે અમે બેઠક કરી લીધી છે. દુકાનદારોની માંગણી વ્યાજબી હશે તો જ સ્વીકારવામાં આવશે. દિવાળીનાં તહેવારો દરમ્યાન કાર્ડ ધારકોને મુશ્કેલી નહી પડવા દેવાય તેમ કુંવરજી બાવળીયાએ જણાવ્યું હતું.


**PLOT FOR URGENT SALE**

**Best Plot**
**For Banglow or Flats**

જૂનાગઢ, લક્ષ્મીનગરમાં 300+ વારનો પ્લોટ

દલાલો આવકાર્ય

**કસમાં વેચવાનો છે**

મો. ૮૧૬૦૪ ૬૮૧૯૨


# ટૂંક સમયમાં ડોકટરો માટે "વન નેશન - વન રજીસ્ટ્રેશન" લાગુ થશે

નવી દિલ્હી, તા.૧: ટૂંક સમયમાં જ દેશમાં ડોકટરો માટે વન નેશન, વન રજીસ્ટ્રેશન લાગુ કરવામાં આવશે. નેશનલ મેડિકલ કમિશને તેની સંપૂર્ણ બ્લુપ્રિન્ટ તૈયાર કરી છે, જે આગામી ૬ મહિનામાં પાયલોટ પ્રોજેક્ટ તરીકે લાગુ કરવામાં આવશે. આ પછી આ નિયમ રાષ્ટ્રીય સ્તરે લાગુ કરવામાં આવશે.

વન નેશન, વન રજીસ્ટ્રેશન દ્વારા દરેક ડોકટરને એક યુનિક આઈડી આપવામાં આવશે જે તેની ઓળખ તરીકે કામ કરશે. આ ID કમિશનના IT પ્લેટફોર્મ સાથે લિંક કરવામાં આવશે જેના પર સંબંધિત ડૉકટરના તમામ દસ્તાવેજો, અભ્યાસક્રમો, તાલીમ અને લાયસન્સ વિશેની માહિતી ઉપલબ્ધ હશે.


**ઓફર...ઓફર...** M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨

તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.

એકસચેંજ ઓફર

LED TV રૂા. 6500* થી શરૂ

ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ

MI-GL

ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ

Kelvinator

**બીના ઈલેક્ટ્રોનિક્સ**

MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ

0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ

જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.

માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.



**100% નહીં 150% ની મની ગેરંટી**

**૧૦૦% નહીં ૧૫૦% ની મની ગેરંટી સાથે સંપૂર્ણ આર્યુવેદિક ઔષધી યુક્ત ફાકી ડાયાબિટીસ, હૃદય રોગ, પેટના રોગો, વજન વધારે, પગના અને સ્નાયુના દુખાવા, સંધિવા, કબજિયાત, કોલેસ્ટ્રોલ માટે**

ફાયદા :

(૧) - ડાયાબીટીસ નાં દર્દીઓ માટે આ ફાકી સ્વર્ગ સમાન છે.. જેમાં આ ફાકી ૧.૫ માસ (દોઢ માસ), રેગ્યુલર લેવાથી ડાયાબટીસ સંપૂર્ણ કંટ્રોલ થઈ જાય છે. શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો નો અનુભવ થાય છે..

(૨) જે લોકોનું વજન ખૂબ વધારે છે તે લોકો આ ફાકી બે મહિના રેગ્યુલર લેવાથી ૧૦૦% વજન ઘટેછે તેની મની બેક ગેરંટી, આ ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી, ચરબી ઓગળી નાખે છે. અને શરીરમાં તાજગી અને સ્ફૂર્તિનો અનુભવ થાય છે. શરીર સ્લિમ થઈ જાય છે.

(૩) જે લોકોને વર્ષો જૂની કબજિયાત છે, ગેસ, એસિડિટી, પાચનતંત્ર નબળુ હોય, તે લોકો આ ફાકી ફકત એક મહિનામાં પોતાની કમાલ દેખાડે છે..

(૪) જે લોકોને ગોઠણના પગના સાંધાના દુઃખાવા, થોડું ચાલવાથી થાક લાગવો, કમરના દુખાવા કે કોઈપણ જાતના શરીરમાં દુખાવો આ ફાકી એક મહિનો લેવાથી તેમની દર્દ પીડા દૂર થાયછે..

**નોંધ : આ ફાકીમાં સ્ટીરોડ કે પેઈન કિલર દવાનો ઉપયોગ કરવામાં આવતો નથી.**
**આ ફાકીનું રીઝર્ટ એક મહિનામાં મળશે**

**:: ફોન કરવા માટેનો સમય ::**
**સવારે ૧૦ થી ૧:૩૦ સુધી - સાંજે ૫ થી. ૮:૩૦ સુધી જ**

**૧૫ દિવસ ની ફાકી ની કિંમત ૨૨૫/-**
**૧ મહિનાની ફાકી ની કિંમત ૪૫૦/-**

ફાકી લેવાની રીત :- સવારે નવશેકા પાણીમાં એક ચમચી લઈ શકાય... (આ આર્યુવેદીક ફાકી લેવાથી કોઈપણ જાતની આડઅસર થતી નથી.)

આ એક જ ફાકી તમામ દર્દમાં ફાયદો કરે છે

**આ ફાકી અન્ય કોઈ જગ્યાએ મળશે નહી**

**સંપર્ક : મો. ૯૩૭૬૬ ૦૫૫૬૨**
**જૂનાગઢ**



**HOPE**
DIABETES CLINIC AND RESEARCH CENTRE

**ડો. દિપક ચુડાસમા**
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ

**ડાયાબીટીસ કલીનીક**

**ડો. નિશિતા ચુડાસમા**
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ

**હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.**

- ✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
- ✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
- ✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
- ✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.

**ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...**

● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો ● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝમ શોલ્ડર ● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R. ● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા

હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે

કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦

રજીસ્ટ્રેશન નંબર ✆ ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪

બીજો માળ, એપલવુડ, વિશાલા હોટલ પાસે, બસ સ્ટેશનનાં બીજા ગેઈટ સામે, જૂનાગઢ







CMYK

# જૂનાગઢમાં એચડીએફસી બેંકના કર્મચારી દ્વારા રૂા.૧૫.૨૮ લાખની છેતરપિંડી અને વિશ્વાસઘાત અંગે ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢમાં એચડીએફસી બેંકના એક કર્મચારીએ નેટ બેંકિંગ મારફતે એફડી તોડી અને તેની રકમ ટ્રાન્સફર કરી અને છેતરપિંડી તેમજ વિશ્વાસઘાત કર્યાનો બનાવ પોલીસ દફતરે નોંધાતા ચકચાર જાગી ઉઠી છે.

આ બનાવ અંગે સી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર નયનભાઈ પરષોતમભાઈ સવસાણી પટેલ(ઉ.વ.૪૧) ધંધો ટયુશન કલાસીસ રહેવાસી બ્લોક નં-૩૦૪, શાંતીવન ફલેટ એપાર્ટમેન્ટ, અક્ષર મંદિરવાળી શેરી, હરીઓમનગર વાળાએ રાજભાઈ યોગેશભાઈ મણીયાર રહે.બ્લોક નં-૬૦૧, નોબલ ટાવર સીટી હોસ્પિટલ સામે, નહેરૂ પાર્ક સોસાયટી, જૂનાગઢવાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપી એચ.ડી.એફ.સી.બેંકના કર્મચારી રાજભાઈ યોગેશભાઈ મણીયાર રહે.જૂનાગઢ બ્લોક નં.૬૦૧ નોબલ ટાવર, સીટી હોસ્પીટલ સામે, નેહરૂ પાર્ક સોસાયટી મો.નં.૮૧૪૧૨૨૨૨૦૧ વાળા પાસે આ કામના ફરીયાદીએ એચ.ડી.એફ.સી. બેંકમાં અલગ અલગ સમયે કુલ રૂા.૧૫,૨૫,૦૦૦/-ની ફીક્સ ડીપોઝીટ કરાવેલ હોય જે ફીક્સ ડીપોઝીટની રકમ તથા તેમા જમા થયેલ વ્યાજ મળી કુલ રૂા.૧૫,૨૮,૦૦૦/-ની ફીક્સ ડીપોઝીટ ગઈ તા.૧૮-૯-૨૦૨૩ ના આરોપી દ્વારા ફરીયાદીના મોબાઈલનો ઉપયોગ કરી નેટ બેંકીંગ મારફતે એફ.ડી. તોડી તેની રકમ ફરીયાદીના સેવીંગ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરી અને અગાઉ ફરીયાદીને વિશ્વાસ આપી તેની પાસેથી આરોપીએ એકાઉન્ટ મેન્ટેન્સ ચાર્જના રૂા.૧૬૦૦/-ના ભરવા પડે તે બહાને ફરીયાદીની સહી વાળો ચેક નં.૦૦૦૦૦૨નો મેળવી જે ફરીયાદીની જાણ બહાર તે ચેક મારફતે ફરીયાદીના સેવીંગ એકાઉન્ટમાંથી રૂા.૧૫,૨૮,૦૦૦/- ઉપાડી લઈ ફરીયાદી સાથે આરોપીએ એક બેંક કર્મચારીની હેસીયતથી છેતરપીંડી વિશ્વાસઘાત કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૪૦૯ અંતર્ગત ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ સી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ વી.કે. ઉંજીયા ચલાવી રહ્યા છે.

# જૂનાગઢમાં ગાડી રાખવા પ્રશ્ને હુમલો : સામસામી નોંધાઈ ફરિયાદ

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ શહેરમાં ઈન્દીરાનગર બિલખા રોડ ઉપર ગાડી રાખવા પ્રશ્ને હુમલાનો બનાવ બનવા પામેલ છે અને સામસામી પોલીસ ફરિયાદ નોંધાઈ છે. આ બનાવ અંગે સી ડીવીઝન પોલીસે આપેલી વિગત અનુસાર બિલખા રોડ ઉપર શેરી નં-૧ ઈન્દીરાનગર ખાતે રહેતા પરેશભાઈ બાબુભાઈ (ઉ.વ.૩૯)એ રહીમભાઈ ઓસમાણભાઈ દોદાઈ, સલમાન રહીમભાઈ દોદાઈ રહે. બંને શેરી નં-૧ ઈન્દીરાનગર બિલખા રોડ તથા ત્રણ અજાણ્યા ઈસમો વિરૂધ્ધ એવા મતલબની ફરિયાદ નોંધાવી છે કે, આ કામના ફરીયાદી સાથે આ કામના આરોપી નં.-તે એવીરીતે આ કામના ફરીયાદી સાથે આ કામના આરોપી નં-૧નાઓએ પોતાના ઘર પાસે ગાડી ન રાખવા બાબતે ફરીયાદી સાથે માથાકુટ કરી ફરીયાદીને તથા ફરીયાદીના નાનાભાઈને જાપટો મારી બાદ આરોપી નં-૧ તથા આરોપી નં-૨ તથા આરોપી ત્રણ અજાણ્યા ઈસમો સાથે મળી લાકડાના ધોકા તથા લોખંડના પાઈપ અને સળીયા સાથે રાખી ગેરકાયદેસર મંડળી રચી આરોપી નં-૧નાએ આ કામના ફરીયાદીને લાકડાના ધોકા વડે જમણા હાથમા કાંડાની ઉપરના ભાગે ઈજા પહોંચાડી ફેકચર કરી તથા ફરીયાદીના ભાઈને અજાણ્યા ઈસમે લોખંડના પાઈપ વડે ડાબી આંખની ઉપરના ભાગે તથા પાછળ વાંસાના ભાગે ઈજા પહોંચાડી તેમજ આ લોકોના વધુ મારમાથી છોડાવવા ફરીયાદીના કૌટુંબીક ભાભી તથા ફરીયાદીના નાનાભાઈના પત્ની તથા ફરીયાદી તથા ફરીયાદીના નાનાભાઈને ઉપરોક્ત પાંચેય આરોપીઓએ સાથે મળી શરીરે આડેધડ મુંઢ માર મારી ફરીયાદીના પત્નીને પાછળ વાંસાના ભાગે તથા ડાબા હાથમાં લાકડી વડે ઈજાઓ કરી ગાળો આપી ગેરકાયદેસર મંડળી રચી જાહેરમાં હથીયારો રાખી જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યાની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૩૨૫, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, જીપી એકટ કલમ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. જયારે આ બનાવના અનુસંધાને રહીમભાઈ ઓસમાણભાઈ દોદાઈ (મલેક) (ઉ.વ.૫૦) રહે.શેરી નં-૧ ઈન્દીરાનગર વાળાએ પરેશ ઉર્ફે પવો કોળી, શૈલેષ કોળી રહે.બંને શેરી નં-૧ ઈન્દીરાનગર બિલખા રોડ વાળા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના ફરીયાદી સાથે આ કામના આરોપી નં.-૧નાઓએ પોતાના ઘર પાસે ગાડી ન રાખવા બાબતે ફરીયાદી સાથે માથાકુટ કરી ફરીયાદીને તથા ફરીયાદીના નાનાભાઈને જાપટો મારી બાદ આરોપી નં-૧ તથા આરોપી નં-૨ તથા આરોપી ત્રણ અજાણ્યા ઈસમો સાથે મળી લાકડાના ધોકા તથા લોખંડના પાઈપ અને સળીયા સાથે રાખી ગેરકાયદેસર મંડળી રચી આરોપી નં-૧નાએ આ કામના ફરીયાદીને લાકડાના ધોકા વડે જમણા હાથમા કાંડાની ઉપરના ભાગે ઈજા પહોંચાડી ફેકચર કરી તથા ફરીયાદીના ભાઈને અજાણ્યા ઈસમે લોખંડના પાઈપ વડે ડાબી આંખની ઉપરના ભાગે તથા પાછળ વાંસાના ભાગે ઈજા પહોંચાડી તેમજ આ લોકોના વધુ મારમાથી છોડાવવા ફરીયાદીના કૌટુંબીક ભાભી તથા ફરીયાદીના નાનાભાઈના પત્ની તથા ફરયાદી તથા ફરીયાદીના નાનાભાઈને ઉપરોક્ત પાંચેય આરોપીઓએ સાથે મળી શરીરે આડેધડ મુંઢ માર મારી ફરીયાદીના નાનાભાઈના પત્નીને પાછળ વાંસાના ભાગે તથા ડાબા હાથમાં લાકડી વડે ઈજાઓ કરી ગાળો આપી ગેરકાયદેસ મંડળી રચી જાહેરમાં હથીયારો રાખી જીલ્લા મેજી.ના જાહેરનામાનો ભંગ કરી ગુનો કર્યા અંગેની ફરિયાદ પોલીસમાં નોંધાવતા પોલીસે ઈપીકો કલમ ૩૨૩, ૨૯૪(બી), ૧૧૪, જીપી એકટ ૧૩૫ મુજબ ગુનો દાખલ કરેલ છે. આ બનાવની વધુ તપાસ સી ડીવીઝન પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર.વી. આહિર ચલાવી રહ્યા છે.

# વિસાવદર તાલુકાના સુખપુર ગામે માતૃશ્રી કુંવરબેન રામજીભાઈ રામાણી લેઉવા પટેલ ભવનનું ભવ્ય લોકાર્પણ





જૂનાગઢ તા.૧

સમગ્ર જૂનાગઢ જિલ્લામાં નમુના રૂપ બને તેવું પટેલ સમાજ ભવન વિસાવદર તાલુકાના સુખપુર ગામે બનાવવામાં આવ્યું છે .વિસાવદરના પૂર્વ ધારાસભ્ય પોપટભાઈ રામાણીના માતા પિતા માતૃ કુંવરબેન રામજીભાઈ રામાણી લેઉવા પટેલ ભવન નું ગુજરાત સરકારના કેબિનેટ મંત્રીશ્રી રાઘવજીભાઈ પટેલ દ્વારા ખુલ્લું મુકવામાં આવ્યું .આ તકે કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલે સમાજને સંગઠિત થવા માટે સમાજ શિક્ષિત બને કુરિવાજો નાબૂદ કરે અને સંપથી રહીને સમાજ ભાવના કેળવી એકબીજાની મદદ કરી સમાજને આગળ લેવાનો પ્રયત્ન કરે તેઓએ વધુમાં જણાવ્યું કે આટલા નાનકડા એવા ગામમાં કે જ્યાં લેવા પટેલ સમાજના ૧૧૫ જ ઘર હોય અને ૧૫,૦૦૦ સ્કવેર ફીટ નું બાંધકામ કરી ખૂબ જ મોટું ઉદાહરણ પૂરું પાડ્યું છે એટલે કે તબુડી જેવા ગામમાં હાંડલા જેવો સમાજ બનાવ્યો છે સાથોસાથ આ ગામના વતની પૂર્વ ધારાસભ્ય પોપટભાઈ રામાણી સાથેના તેમના ૧૯૮૫ થી પારિવારિક રીતે સંબંધો રહ્યા છે આજની તારીખે તેનું પણ ગૌરવ લીધું હતું તેમને વિસાવદર ભેસાણ મત વિસ્તારની ખાસિયત બતાવતા કહ્યું હતું કે અહીંના મતદારોને હું ૧૯૯૫ થી ઓળખું છું.

સમગ્ર રાજ્યમાં લોકો કંઈ વિચારતા હોય અને અહીંયા મતદારો કંઈક અલગ મિજાજ ના હોય છે એટલે કે આ તાલુકાના લોકો ખુમારી ભરી રીતે વિશેષતા ધરાવે છે.

આ પ્રસંગે સમાજના ભામાશા એવા લક્ષ્મી ડાયમંડ ગ્રુપના વસંતભાઈ ગજેરા એ હાજરી આપી સમાજને સંબોધન કરતાં જણાવ્યું હતું કે આજે સમાજની અંદર રહેલા વ્યસનો દૂર કરવા માટે લોકોએ સંકલ્પ જોઈએ સમાજની અંદર ભેગા રહેવાની ભાવના જે દૂર થતી જાય છે એ આત્મઘાતક છે. સૌએ સંપીને કુટુંબમાં રહીને કામ કરવું જોઈએ તો જ કુટુંબ અને સમાજ સમૃદ્ધ થશે આજે પોતે શિક્ષણ ક્ષેત્રે મેડિકલ ક્ષેત્રે ખૂબ જ મોટી કામગીરી કરી રહ્યા છે દક્ષિણ ગુજરાતમાં અને અમરેલીમાં થઈને ૫૦,૦૦૦ વિદ્યાર્થીઓ પોતાની સંસ્થામાં શિક્ષણ લઈ રહ્યા છે. અમરેલી સિવિલ હોસ્પિટલ નું સંચાલન લઈને ત્યાં પણ મોટી કામગીરી કરી રહ્યા છે સુરતમાં વાત્સલ્ય ધામમાં નિરાધાર બાળકોને લાવીને શિક્ષણ આપીને રોજગારી મળે ત્યાં સુધી નિભાવ કરી રહ્યા છે સમગ્ર સુખપુર ગામની ટીમને અભિનંદન આપીને પોતાના તરફથી રૂપિયા પાંચ લાખ જેવું મતદાર દાન ભવનને અર્પણ કરવામાં આવ્યું હતું.

સરદાર ધામના ચેરમેન એવા ગગજીભાઈ સુતરીયા એ પોતાના સંબોધનમાં જણાવ્યું કે સમાજના દીકરાઓ દીકરીઓને યુપીએસસી જીપીએસસી માં સરદારધામ ખાતે ટ્રેનીંગ આપીને અત્યાર સુધીમાં ૫૦૦ દિકરા દીકરીઓ ક્લાસ વનમાં સિલેક્ટ થયા છે અને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦,૦૦૦ દીકરા દીકરીઓ અધિકારીઓ બને તેવી ટ્રેનિંગ માટે ગુજરાતમાં વિવિધ સ્થળોએ સરદાર ધામ બનાવી સમાજલક્ષી જાગૃતિનું આહવાન કર્યું હતું.

આ ભવ્ય કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ દંડક કૌશિકભાઈ વેકરીયા પાટણના ધારાસભ્ય અને ઉત્તર ગુજરાત ખોડલધામ કમિટીના કન્વીનર કિરીટ ભાઈ પટેલ ,ધારાસભ્ય જેવીભાઈ કાકડીયા, પૂર્વ ધારાસભ્ય લલીતભાઈ વસોયા, કનુભાઈ ભાલાળા, લલીતભાઈ કથગરા,ભુપતભાઈ ભાયાણી, હર્ષદભાઈ રીબડીયા, સાવનભાઈ રમેશભાઈ ધડુક, ભક્તિ ગ્રુપ સુરતના ચેરમેન રમેશભાઈ ગજેરા સિદ્ધાંત લાઈમ કંપનીના ગોવિંદભાઈ પટોડીયા મધુરમ કન્સ્ટ્રક્શન જયંતીભાઈ વઘાસિયા કે કે કાનગડ બિલ્ડર રાજકોટ, કિરીટભાઈ પટેલ, સચી જીઆઈડીસી પ્રમુખ નિલેશભાઈ લીંબાસીયા, ભરતભાઈ અમીપરા, વિજયભાઈ બુહા વલ્લભભાઈ હુંમર, ભુપેન્દ્ર સુખડિયા, જયેશભાઈ કાંકરીયા, મથુરભાઈ રાદડિયા, વિજયભાઈ સોજીત્રા સહિતના દાતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

સમાજ ભવન બનાવવા નેતૃત્વ પૂરું પાડનાર બીપીનભાઈ રામાણી, ડો.પિયુષ વડાલીયા, પ્રમુખ મનસુખભાઈ ડોબરીયા તેમજ કાર્યક્રમ સફળ બનાવવા માટે પરસોતમભાઈ સોજીત્રા, સવજીભાઈ ગોંડલીયા, જમનભાઈ તળાવિયા, રમેશભાઈ તળાવિયા, કેસુભાઈ વડાલીયા, જગદીશ રામાણી, રમેશ વડાલીયા, ઘનશ્યામ ગોંડલીયા, ભાવેશ રામાણી, સુરેશ હિરપરા, નવનીત ગોંડલીયા, નિલેશ તળાવિયા સહિતનાઓએ ખૂબ જ સુંદર કામગીરી કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# સુરતમાં પુત્રીના લગ્નના ૧૫ દિવસ પહેલા પિતાનો આપઘાત

સુરત, તા.૧

સુરતમાં થોડા દિવસ પહેલા જ એક જ પરિવારનાં સાત સભ્યોએ આર્થિક સંકડામણમાં સામુહિક આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. એ ઘટના હજુ લોકોનાં મગજમાંથી નીકળી નથી. ત્યાં જ એક પિતાએ દીકરીનાં લગ્ન માટે પૂરતા પૈસા ભેગા કરી ન શકતા જીવન ટૂંકાવ્યું હતું.

મળતી માહિતી મુજબ મૂળ મહારાષ્ટ્રનાં રહેવાસી અને કેટરર્સમાં રસોઈ કરી પોતાનાં પરિવારનું ગુજરાન ચલાવતા અનીસ શેખ (ઉ.વર્ષ.૩૫) ની એકની એક દીકરીનાં લગ્ન નક્કી થયા હતા. જેને લઈ પરિવારનાં તમામ સભ્યોમાં ખુશીનો માહોલ હતો. ત્યારે દિકરીનાં લગ્નનાં ૧૫ દિવસ પહેલા જ પિતા દ્વારા ઝેરી દવા પી આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી હતી. ત્યારે આ અંગેની જાણ પરિવારજનોને થતા પરિવારજનોમાં શોક વ્યાપી જવા પામ્યો હતો.અનીશ શેખની મોટી દીકરીનાં ૧૫ દિવસ બાદ લગ્ન હોઈ પરિવારનાં તમામ લોકો ખુશ હતા. ત્યારે લગ્નમાં પૂરતા પૈસાની વ્યવસ્થા ન થતા અનિશ શેખ નામનાં વ્યક્તિએ ઝેરી દવા પી આપઘાત કરી લીધી હતી. ત્યારે અનિશ શેખ દ્વારા આપઘાત કરી લેતા પરિવારજનોમાં શોકનો માહોલ વ્યાપી ગયો હતો. અનિશ શેખ નામના વ્યક્તિએ ઝેરી દવા પી આપઘાત કરી લેતા આ બાબતની જાણ પરિવારજનોને થતા પરિવારજનો દ્વારા તાત્કાલિક અનિશને સિવિલ હોસ્પિટલ લઈ ગયા હતા. જ્યાં ફરજ પર હાજર ડૉક્ટરે અનિશને મૃત જાહેર કર્યો હતો. આ બાબતે અનિશનાં ભાઈએ જણાવ્યું હતું કે, ઘરમાં થોડી મગજમારી ચાલી રહી હતી.તેમજ આગામી સમયમાં તેમની દીકરીનાં લગ્ન છે. ત્યારે લગ્નનાં ટેન્શનમાં તેઓએ મેડીકલ પરથી ટ્યુબ લાવી પી લીધી હતી. જે બાદ મારી પાસે આવીને મને કહેલ કે મેં ટ્યુબ પી લીધી છે. તેમજ રાત્રે તેઓ પીધેલા પણ હતા.

# ખંભાળિયામાં રવિવારે લાયન્સ ક્લબની સેવા પ્રવૃત્તિઃ બાળકો માટે સુવર્ણ પ્રાશન કેમ્પ

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧

ખંભાળિયાની જાણીતી સેવા સંસ્થા લાયન્સ ક્લબના ઉપક્રમે આગામી રવિવાર તારીખ ૫ નવેમ્બરના રોજ અહીંના જલારામ મંદિર ખાતે વિના મૂલ્યે વિવિધ સેવાકીય કાર્યોનું સુંદર આયોજન કરવામાં આવ્યું છે. જે અંતર્ગત જલારામ મંદિર ખાતે સવારે ૯ થી ૧૧ દરમ્યાન યુ.કે. સ્થિત શ્રીમતી ઉર્મિલાબેન મુકુન્દરાય સમાણી પરિવારના આર્થિક સહયોગથી વિના મૂલ્યે ડાયાબિટીસ તથા બ્લડ પ્રેશર યોજવામાં આવ્યો છે. આ ઉપરાંત રવિવારે સાંજે ચાર થી છ વાગ્યા દરમ્યાન જલારામ મંદિર ખાતે અહીંના દરિયાલાલ ચેરીટેબલ ટ્રસ્ટના આર્થિક સહયોગથી નાના બાળકોના સર્વાંગી વિકાસ માટે પુષ્ય નક્ષત્રમાં સુવર્ણ પ્રાસનના ટીપા પીવડાવવાના કેમ્પનું પણ આયોજન કરાયું છે. આ કેમ્પનો લાભ લેવા ખંભાળિયા શહેર તથા આસપાસના વિસ્તારની જનતાને લાયન્સ કલબના પ્રમુખ નિમિષાબેન નકુમ, સેક્રેટરી હાડાભા જામ તથા ટ્રેઝરર ચંદાબેન મોદી દ્વારા અપીલ કરવામાં આવી છે.

## :: અવસાન નોંધ ::

વેરાવળ : પિયૂષભાઈ (ભીખાભાઈ) પટેલીયા (ઉ.વ.૪૯) તે સ્વ.મનસુખલાલ તથા ભાનુબેનના સુપુત્ર, દેવ અને હર્ષના પિતાશ્રી, કિરણબેનના પતિ, પ્રીતિબેન, જયોતિબેન લલિતકુમાર માખેચા, ચેતનાબેન હરેન્દ્રકુમાર વિઠલાણીના ભાઈ, સ્વ.નાથાલાલ જેન્તીલાલ પ્રભાસપાટણ વાળાના જમાઈ, ભરતભાઈ, ભાવેશભાઈ જીમુલીયાના બનેવીનું તા.૩૦ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા સસરા પક્ષ ની સાદડી તા.૨ ને ગુરુવારે સાંજે ૪ થી ૫ બિલેશ્વર મહાદેવ મંદિર, શિક્ષક કોલોની વેરાવળ ખાતે રાખેલ છે.

વેરાવળ : આશીષ પ્રકાશભાઈ જીમુલીયા ઉ.વ.૩૦ તે સ્વ.ઉષાબેન, પ્રકાશભાઈ જગજીવનદાસ જીમુલીયાના પુત્ર, પુજાબેન વિવેકભાઈ રાયઠઠ્ઠા, જાનવીબેન, કીષ્નાબેનના ભાઈ, દીલીપભાઈ, વિજયભાઈ, સમીરભાઈ, રાજેશભાઈ, પરેશભાઈના ભત્રીજા, સ્વ.દામોદરદાસ હીરજીભાઈ ગંગદેવ (રાજગ્રૂપ) કોડીનારના ભાણેજનું તા.૩૦ ના અવસાન થયેલ છે. સદગતનું બેસણું તથા મોસાળ પક્ષની સાદડી તા.૨-૧૧-૨૦૨૩ ને ગુરૂવારે બપોરે ચાર કલાકે શ્રી બ્રહ્મકુંડ મહાદેવ મંદિર, પાંજરાપોળ પાસે, વેરાવળ ખાતે રાખેલ છે.

# વેરાવળના આશાસ્પદ રઘુવંશી યુવાને ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા ચકચાર

**મૃતક યુવાને પરિચીતો પાસેથી પૈસા લઈ સેવારૂપે અન્ય પરિચિતને મદદ કરવા આપેલ જે પરત કરવાના બદલે હાથ ઉંચા કરી દેતા મુશ્કેલીમાં મુકાયેલ પોલીસે મૃતકની બે પાનાની સુસાઈડ નોટ, મોબાઈલો અને ડાયરી કબ્જે લઈ આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી**

### સુસાઈડ નોટના અક્ષરઅંશ.....

સેવા કરવા જતા ધાડ પડી જતા સંકટમાં મુકાયેલા સ્વ.પીયૂષએ મોતને ગળે લગાડતા પહેલા લખેલ દર્દભરી સુસાઈડ નોટમાં પોતે હતાશ થઈ ગયા હોય તેવું વર્ણન કર્યુ છે.. સુસાઈડ નોટમાં આ મુજબ લખ્યુ હતુ... "જય સોમનાથ" હું પિયુષ પટેલીયા આજે મૈ કરેલી સેવારૂપી ભુલની સજા મૈને આપુ છું મારૂ જીવન ટુંકાવું છું... મારા બધા પરીવારનો પ્રેમ એક પણ જન્મમાં નહીં ભુલી શકું. મારી માં, બહેનો, મારા છોકરા અને મારા મિત્ર બધા કરતા જેમને મારૂ બોવ ધ્યાન રાખી પ્રેમ આપ્યો તેવી મારી કિરણ...મૈને માફ કરજો બધા હું તમને દગો દઈને જઈ રહ્યો છું... હું પગલું એટલે ભરૂ છું મૈ બીજાને સેવા રૂપે અપાવેલ રૂપીયાનું હું વ્યાજ ભરી થાકી ગયો છું...મારી પાસે હવે એક જ રસ્તો છે.... મારી પાસે માંગે તેને આપવા મારી પાસે હવે કાંઈ નથી અને હું માંગુ છું તે કોઈ આપતા નથી. લાલા કક્કડ મારા પુત્રો દેવ અને હર્ષનું ધ્યાન રાખજે તેવી વિનંતી... જય શ્રી કૃષ્ણ જય સોમનાથ... પિયુષ પટેલીયા



(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૧

"આજે મૈ કરેલી સેવારૂપી ભુલની સજા મૈને આપું છું મારૂ જીવન ટુંકાવું છું" આ અંતિમ શબ્દો છે વેરાવળના આશાસ્પદ રઘુવંશી યુવાનના જેણે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા શહેરભરમાં ચકચાર પ્રસરી ગઈ છે. મૃતકની સુસાઈડ નોટ, મોબાઈલ અને ડાયરી સહિતની વસ્તુઓ કબ્જે લઈ પોલીસે એડી દાખલ કરી આપઘાત કરવા પાછળનું કારણ જાણવા તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

વેરાવળની મહિલા કોલેજ પાછળ રહેતા અને ઓપો મોબાઈલ કંપનીના મેનેજર પીયૂષભાઈ (ભીખાભાઈ) પટેલીયા ગઈકાલે ઘરના તમામ પરીવારજનો સાથે પારીવારીક પ્રસંગમાં ગયા બાદ કામ અર્થે ત્યાંથી નીકળી જઈ બપોરે ઘરે આવી પોતાના રૂમમાં દોરી વડે ગળાફાંસો ખાઈ જીવન ટૂંકાવી લેતા શહેરભરમાં અરેરાટી પ્રસરી ગઈ હતી. બાદમાં સ્થળ ઉપર દોડી આવેલ પોલીસને રૂમમાંથી એક સુસાઈડ નોટ મળી આવેલ જે કબ્જે લઈ પીએમ સહિતની આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

સ્વ.પીયૂષભાઈ રઘુવંશી લોહાણા સમાજમાં સેવાભાવી સાથે મોટું મિત્ર વર્તુળ ધરાવતા હોવાથી આજે સવારે તેમની નિકળેલ સ્મશાન યાત્રામાં મોટી સંખ્યામાં રઘુવંશી સહિત તમામ સમાજના વેપારીઓ અને યુવાનો મોટી સંખ્યામાં શોક સાથે હાજર રહ્યા હતા. તો બીજી તરફ આ મામલે મૃતકના મોબાઈલો, ડાયરી સહિતની વસ્તુઓ કબ્જે લઈ તેમના પુત્રના નિવેદન સાથે એડી દાખલ કરી પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# યુઝર્સ હવે ઓફલાઈન મેપનો ઉપયોગ કરી શકશે

નવી દિલ્હી, તા.૧

ગૂગલ મેપ્સ કોઈ નવી જગ્યાએ પહોંચવું હોય કે લાઈવ ટ્રાફિક સ્ટેટસ જોવું હોય કે પછી કોઈની સાથે તમારું લોકેશન શેર કરવું હોય આ બધું મેપ પર શક્ય છે. આજે તમને એક ખાસ ફીચર વિશે જણાવવા જઈ રહ્યા છીએ, જેના પછી યુઝર્સ ઓફલાઈન મેપનો ઉપયોગ કરી શકશે. આનાથી માત્ર ઈન્ટરનેટ ડેટાની બચત થશે નહીં પરંતુ બેટરી લાઈફ પણ જળવાઈ રહેશે. તો જાણીએ કે કઈ રીતે ઓફલાઈન મેપનો ઉપયોગ કરી શકાય.

ગૂગલ મેપ્સમાં એક સુવિધા ઉપલબ્ધ છે, જેનો ઉપયોગ ઑફલાઈન મોડમાં કરી શકાય છે. તેની મદદથી યુઝર્સ રસ્તાઓ જોઈ શકે છે અને તેમના ડેસ્ટીનેશન સુધી પહોંચી શકે છે. આ સુવિધા એવા વિસ્તારોમાં પણ ઉપયોગી સાબિત થશે જે રિમોટ એરિયામાં સ્થિત છે અથવા જ્યાં સારી મોબાઈલ નેટવર્ક કનેક્ટિવિટી નથી. એક નોંધનીય બાબત એ છે કે તમે વાઈફાઈ કનેક્ટિવિટી હોવા પર ઑફલાઈન નકશા ડાઉનલોડ કરી શકો છો.

એન્ડ્રોઈડ ફોનમાં ગૂગલ મેપ્સ ખોલો. આ પછી, ઉપર જમણી બાજુએ પ્રોફાઈલ ફોટો આઈકોન પર ક્લિક કરો. આ પછી એક નવી પોપઅપ વિન્ડો ખુલશે, જેમાં ઓફ લાઈનનો વિકલ્પ આપવામાં આવ્યો છે. ઑફલાઈન મેપ્સ પર ક્લિક કરો. આ પછી, યુઝર્સને સિલેક્ટ યોર ઓન મેપનો વિકલ્પ મળશે, તેના પર ક્લિક કરીને તમે તમારી પસંદગીના સ્થાનના મેપ્સ ડાઉનલોડ કરી શકો છો. યુઝરે બને તો વાઈફાઈ કનેક્ટિવિટી પર હોય ત્યારે ઑફલાઈન મેપ્સ ડાઉનલોડ કરવા જોઈએ. જેથી યુઝરનો મોબાઈલ ડેટા પણ બચે છે.

## હાર્દિક પટેલની વાપસી બાદ

# ટીમ ઈન્ડિયામાંથી શ્રેયસ અય્યર બહાર થઈ શકે છે

નવી દિલ્હી, તા.૧

અત્યાર સુધી, મિડલ ઓર્ડર બેટ્સમેન સિવાય, શ્રેયસ અય્યર ODI વર્લ્ડ કપ ૨૦૨૩માં ભારતીય ટીમ માટે કંઈ ખાસ કરી શક્યો નથી.

બીજી તરફ, સૂર્યકુમાર યાદવે હાર્દિક પંડ્યાની ગેરહાજરીમાં આપવામાં આવેલી જગ્યાનો પૂરેપૂરો ફાયદો ઉઠાવ્યો અને ટીમને આત્મવિશ્વાસ અપાવ્યો. સૂર્યાએ ઈંગ્લેન્ડ સામે રમાયેલી મેચમાં ૪૯ રનની ઈનિંગ રમી હતી, જ્યાં લગભગ તમામ બેટ્સમેન નિષ્ફળ ગયા હતા. આવી સ્થિતિમાં હાર્દિક પંડ્યાની વાપસી પર સૂર્યકુમાર યાદવ નહીં પરંતુ ખરાબ ફોર્મ સાથે ઝઝૂમી રહેલ શ્રેયસ અય્યર બહાર થઈ શકે છે.

અય્યરે અત્યાર સુધી ટૂર્નામેન્ટમાં માત્ર ૨૨.૩૩ની એવરેજથી ૧૩૪ રન બનાવ્યા છે. તેના બેટમાંથી માત્ર એક અડધી સદી આવી છે. તે જ સમયે, અય્યર કેટલીક મેચોમાં ટૂંકા ગાળામાં આઉટ થતો જોવા મળ્યો છે, જે લાંબા સમયથી નબળાઈ છે. ભારતીય ટીમ વાનખેડે, મુંબઈ ખાતે ગુરુવાર, ૨ નવેમ્બરે શ્રીલંકા સામે આગામી મેચ રમશે. ઈજાગ્રસ્ત હાર્દિક પંડ્યા શ્રીલંકા સામેની મેચમાં વાપસી કરી શકે છે. હાર્દિક ઈજાના કારણે છેલ્લી બે મેચમાંથી બહાર થઈ ગયો છે.

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ઈઝરાયલ પર હમાસનાં હુલાથી ભારત સરકાર બોધ પાઠ લે

ભારત દ્વારા કેનેડાને પોતાના ૪૧ રાજદ્વારીઓને પાછા બોલાવી લેવા મજબૂર કરાયા બાદ અમેરિકા અને બ્રિટને પણ કેનેડાના સૂરમાં સૂર મિલાવતાં ભારતને સલાહ આપી. એના પર આશ્ચર્ય એટલે ન થાય, કારણ કે જે રીતે કેનેડા ખાલિસ્તાની તત્ત્વોને સંરક્ષણ આપી રહ્યું છે, એ જ રીતે અમેરિકા અને બ્રિટન પણ. કેનેડા, અમેરિકા અને બ્રિટનની જેમ કેટલાક બીજા પશ્ચિમી દેશો પણ આ જ કામ કરી રહ્યા છે. કેનેડામાં એ ખાલિસ્તાની તત્ત્વોને કંઈક વધારે જ સંરક્ષણ મળ્યું છે જે ભારતમાં વોન્ટેડ છે. કેનેડાની જેમ બ્રિટન પણ એ ખાલિસ્તાની તત્ત્વો વિરૂધ્ધ કાર્યવાહી નથી કરી રહ્યું, જે ખાલિસ્તાનની માંગનો વિરોધ કરનારા શીખોને મારવાની ધમકીઓ આપતા રહે છે. આતંકી સંગઠન શીખ ફોર જસ્ટિસનો આતંકી વડો ગુરુપતવંત સિંહ પન્નુ રોજેરોજ ભારતને ખુલ્લી ધમકીઓ આપતો રહે છે, તેની પાસે અમેરિકા અને કેનેડા બંને દેશોની નાગરિકતા છે. આ બંને દેશ તેના વિરૂધ્ધ કશું જ કરતા નથી. પન્નુની તાજી ધમકી એ છે કે ભારત સરકાર ઈઝરાયલ પર હમાસના હુમલાથી બોધપાઠ લે, નહિ તો તેને પણ ભયાનક હાલ જોવા મળશે.

પશ્ચિમી દેશો માત્ર ભારત માટે ખતરો બનેલા તત્ત્વોને ખુલ્લી છૂટ જ નથી આપતા, બલ્કે તેઓ માનવાધિકારો અથવા અભિવ્યક્તિની સ્વતંત્રતાની આડમાં જાતજાતના જેહાદી તત્ત્વો વિરૂધ્ધ પણ ત્યાં સુધી કશું નથી કરતા, જ્યાં સુધી તેઓ તેમના માટે ખતરો ન બની જાય. આ જ કારણે અમેરિકા, કેનેડા, ઓસ્ટ્રેલિયાથી માંડીને યુરોપીય દેશોમાં જાહેર સ્થળો અને ત્યાં સુધી કે યુનિવર્સિટીઓમાં પણ એ હમાસનું મહિમામંડન થઈ રહ્યું છે, જેણે ગત ૭ ઓક્ટોબરે મધ્યયુગીન કાળના ઈસ્લામી આક્રમણખોરોની જેમ ઈઝરાયલમાં બર્બર હુમલા કરીને બાળકો, મહિલાઓ સહિત ૧૪૦૦ લોકોને મોતને ઘાટ ઉતારી દીધા અને ૨૦૦થી વધુ લોકોને બંધક બનાવીને ગાઝા લઈ ગયા. આ બંધકોમાં અમેરિકા, બ્રિટન અને કેનેડાના પણ નાગરિક છે.

ગાઝામાં હમાસનું પ્રભુત્વ છે. તેના ઘોષણાપત્રમાં એ લખ્યું છે કે તે ઈઝરાયલનું અસ્તિત્વ મિટાવીને રહેશે અમેરિકા અને તેના કેટલાય સહયોગી દેશોએ હમાસને આતંકી સંગઠન જાહેર કરેલું છે, પરંતુ તેઓ એ કતારને પોતાનું દોસ્ત માને છે, જ્યાં હમાસની ઓફિસ છે અને જ્યાં આ આતંકી સંગઠનના વડા એશોઆરામથી રહે છે. અમેરિકા, બ્રિટન અને કેનેડાના નેતા કતારને એ અરજ કરી રહ્યું છે કે તે પોતાના પ્રભાવનો ઉપયોગ કરીને તેના નાગરિકોને હમાસ પાસેથી છોડાવે. હમાસે બે અમેરિકી નાગરિકોને છોડી પણ દીધા છે. તેનો મતલબ છે કે હમાસ પર કતારનો સારો એવો પ્રભાવ છે. કેમ ન હોય, તે હમાસને દર વર્ષે સેંકડો કરોડ ડોલરની સહાયતા આપે છે!

કતાર લેબેનોનમાં સક્રિય આતંકવાદી સંગઠન હિઝબુલ્લાને પણ સહાયતા આપે છે. આ જ કામ ઈરાન પણ કરે છે. કતારમાં મુસ્લિમ બ્રધરહૂડના વડાઓને પણ સંરક્ષણ મળેલું છે, જે મિસરમાં પ્રતિબંધિત છે. કતારે તાલિબાનને ૨૦૧૨માં જ પોતાની ઓફિસ ખોલવાની અનુમતિ આપી હતી. જ્યારે અમેરિકી સેનાઓ અફઘાનિસ્તાનને તાલિબાનના હુમલાથી બચાવી રહી હતી, ત્યારે તાલિબાન નેતા કતારની મહેમાનગતિ માણી રહ્યા હતા. કતાર ઈસ્લામિક સ્ટેટથી અલગ થઈને બનેલ આતંકી સંગઠન અલ નુસરા ફ્રંટને પણ સમર્થન આપતું રહ્યું છે. વાસ્તવમાં દુનિયામાં કદાચ જ કોઈ જેહાદી સંગઠન હશે જેને કતારે કોઈને કોઈ રીતે સહાયતા નહીં કરી હોય. તેમ છતાં તે અમેરિકાનું ખાસ દોસ્ત છે! અમેરિકાનો એક સૈન્ય અડ્ડો કતારમાં છે. તે અમેરિકાનું બિનનાટો સહયોગી દેશ પણ છે.

પ્રતિ વ્યક્તિ આવકના હિસાબે કતાર દુનિયાનો સૌથી અમીર દેશ છે. તેની પાસે ધનની કમી નથી. માનવાધિકારના ખરાબ રેકોર્ડ અને આતંકી સંગઠનોને આશ્રય આપ્યા બાદ પણ તે પૈસાની તાકાતના જોરે પોતાને ત્યાં ફીફા વિશ્વ કપ આયોજિત કરાવવામાં સફળ રહ્યું. તેને એ સફળતા એટલા માટે મળી, કારણ કે પશ્ચિમી દેશોએ ફીફા વિશ્વકપની યજમાનીના કતારના દાવાનું સમર્થન કર્યું. આ વિશ્વકપ દરમ્યાન જેહાદી પ્રચારક ઝાકિર નાઈક પણ કતાર પહોંચ્યો હતો. જ્યારે એ સમાચાર આવ્યા કે કતારે તેને મહેમાન તરીકે બોલાવ્યો છે તો કતાર સરકારે તેનું ખંડન કર્યું, પરંતુ આશ્ચર્ય નહીં કે તેને ગુપચુપ રીતે બોલાવાયો હોય.

એ સમજવું મુશ્કેલ છે કે કેટલાય આતંકી સંગઠનોને દરેક પ્રકારના સહયોગ, સમર્થન અને સંરક્ષણ આપવા છતાં પણ પશ્ચિમી દેશ તેને એમ કેમ નથી કહી શકતા કે તે પોતાની હરકતો બંધ કરે? અમેરિકા અને તેના સહયોગી દેશ ઈરાન વિરુદ્ધ તો ખૂબ ગર્જના કરે છે, પરંતુ કોઈ નથી જાણતું કે તેઓ કતારને કેમ કશું કહી શકતા નથી? કતાર જાતજાતના જેહાદી સંગઠનોને સમર્થન આપે છે, આ નિષ્કર્ષ માત્ર પશ્ચિમી સુરક્ષા વિશેષજ્ઞોનો જ નથી. કેટલાય આરબ દેશો પણ એવું જ માને છે અને આ જ કારણે ૨૦૧૭માં સઉદી અરબ, બહરીન, મિસર અને સંયુક્ત અરબ અમીરાતે કતાર સાથે પોતાના રાજદ્વારી સંબંધો તોડી નાખ્યા હતા. કતાર અમેરિકા અને યુરોપ સાથે દુનિયાના અન્ય હિસ્સામાં ઈસ્લામી કટ્ટરતાને ઉત્તેજન આપવા માટે એ તમામ કામ કરી રહ્યું છે, જે એક સમય સઉદી અરબ કરતું હતું. પશ્ચિમી દેશ કતાર પ્રત્યે નરમાઈ રાખીને પોતાના પગ પર જ કુહાડી મારવાનું કામ કરી રહ્યા છે. ખબર નહીં આ દેશોની આંખો ક્યારે ખૂલશે, પરંતુ ભારત સરકારે તો એનાથી અજાણ ન રહેવાય કે કેરળના કેટલાય ઈસ્લામી સંગઠનોને પણ કતારથી પૈસા મળી રહ્યા છે.

# બંગાળમાં રાશન કૌભાંડીઓના કોડ વર્ડનો ખુલાસો થયો, EDને ડાયરી મળતા હવે ખુલશે રહસ્યો




(જી.એન.એસ) નવીદિલ્હી,તા.૧

પશ્ચિમ બંગાળ રાશન કૌભાંડમાં EDને મોટી સફળતા મળી છે. દરોડા દરમિયાન, EDને આ કૌભાંડ સાથે સંબંધિત એક મહત્વપૂર્ણ રેડ ડાયરી મળી છે, જેમાં રાશન કૌભાંડ સાથે સંકળાયેલા લોકોના નામ કોડ વર્ડ્સમાં લખેલા છે. પૂર્વ મંત્રી જ્યોતિપ્રિયા મલિકના ઘર પર દરોડા દરમિયાન EDને મરૂન રંગની ડાયરી મળી આવી હતી. કૌભાંડનો સંપૂર્ણ હિસાબ આ ડાયરીમાં નોંધાયેલ છે. EDએ આ ડાયરી જપ્ત કરી છે. એટલું જ નહીં, ડાયરીમાં રોકડ અને રસીદોની સંપૂર્ણ માહિતી છે. ED સૂત્રોના જણાવ્યા અનુસાર, તપાસ દરમિયાન બકીબુર રહેમાનની ત્રણ શેલ કંપનીઓ મળી આવી હતી, જેમાં ડમી ડિરેક્ટર હતા અને જેના દ્વારા રાશનની ખરીદી અને વેચાણ કરવામાં આવી રહ્યું હતું. આ ત્રણ કંપનીઓના નામ છે હનુમાન રિયલકોન પ્રાઈવેટ લિમિટેડ, ગ્રેસિયસ ઈનોવેટિવ પ્રાઈવેટ લિમિટેડ અને ગ્રેસિયસ ક્રિએશન પ્રાઈવેટ લિમિટેડ. આ ત્રણેય કંપનીઓમાં ૨૦ કરોડથી વધુ રકમ ગેરકાયદેસર રીતે આવી.. બકીબુર રહેમાને જણાવ્યું કે આ કંપનીઓના પૈસા લોનના રૂપમાં ખાદ્ય અને પુરવઠા મંત્રી જ્યોતિપ્રિયા મલિકને જતા હતા અને તેઓ તેના લાભાર્થી છે, કારણ કે લોન પરત લેવામાં આવી નથી. આ સંદર્ભે વધુ તપાસ કરતાં જાણવા મળ્યું કે ત્રણેય કંપનીઓના પ્રથમ ડિરેક્ટર અને શેરધારકો જ્યોતિપ્રિયા મલિકની પત્ની મણિદીપા મલિક અને તેમની પુત્રી પ્રિયદર્શિની મલિક હતા. આ કંપનીઓમાં બોગસ શેર પ્રિમિયમ અને અનાજના વેપારમાંથી થતા નફાના નામે નાણા જમા કરાવવામાં આવ્યા હતા. આટલું જ નહીં, આ કંપનીઓમાંથી ૨૦ કરોડથી વધુ રૂપિયા બકીબુર રહેમાનના સાળાના બેંક ખાતામાં ગયા.. ૨૬ ઓક્ટોબરે દરોડા દરમિયાન ૧૬ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. દરોડા દરમિયાન EDએ જ્યોતિપ્રિયા મલિકના ઘરેથી આ કંપનીઓના સ્ટેમ્પ કબજે કર્યા હતા. તેના ઘરમાં કામ કરતા લોકોના નિવેદનો નોંધવામાં આવ્યા હતા. તેણે એ પણ જણાવ્યું કે આ કંપનીઓમાં ડિરેક્ટર તરીકે મલિકના પરિવારના લોકો છે. દરોડા દરમિયાન, એક વ્યક્તિ પર MIC નામનો નંબર લખાયેલો મળી આવ્યો હતો, જેને ૬૮ લાખ રૂપિયાની ચુકવણી બતાવવામાં આવી હતી. તેઓ વાસ્તવમાં પ્રભારી મંત્રી હતા, જે વાસ્તવમાં અન્ન અને પુરવઠા મંત્રી હતા. આ પૈસા મંત્રીને બકીબુર રહેમાનના કહેવા પર આપવામાં આવ્યા હતા.. પુરાવા એ પણ મળ્યા કે બકીપુર રહેમાને મલિક અને તેના પરિવાર માટે ફ્લાઈટ ટિકિટ બુક કરાવી હતી. વધુ તપાસ દરમિયાન એ પણ બહાર આવ્યું કે નવેમ્બર ૨૦૧૬ થી માર્ચ ૨૦૧૭ દરમિયાન મોનાદીપા મલિકના IDBI બેંક ખાતામાં ૬.૦૩ કરોડ રૂપિયા જમા કરવામાં આવ્યા હતા. નવેમ્બર ૨૦૧૬ દરમિયાન પ્રિયદર્શિની મલિકના IDBI બેંક ખાતામાં ૩.૭૯ કરોડ રૂપિયા જમા થયા હતા. ૪ એપ્રિલ ૨૦૧૬ના રોજ પશ્ચિમ બંગાળ વિધાનસભાની ચૂંટણીમાં જ્યોતિપ્રિયા મલિક દ્વારા દાખલ કરાયેલ એફિડેવિટ. તેમાં તેમની પત્નીના ખાતામાં માત્ર ૪૫ હજાર રૂપિયા દર્શાવવામાં આવ્યા હતા, જ્યારે બીજા જ વર્ષમાં તેમના ખાતામાં ૬ કરોડથી વધુ રૂપિયા આવ્યા હતા.. જ્યોતિપ્રિયા મલિકના પરિસરમાં દરોડા દરમિયાન, EDને એક મરૂન રંગની ડાયરી મળી, જેમાં ઉચાપત સંબંધિત નાણાં અને રસીદો વિશે સંપૂર્ણ માહિતી છે. આ ડાયરીમાં MIC જ્યોતિપ્રિયા મલિકનું નામ 'બાલુદા' તરીકે નોંધાયેલું છે. ડાયરીમાં ત્રણ કંપનીઓના નામ પણ લખવામાં આવ્યા છે. તેમાં NPGનું નામ અને ટ્રાન્ઝેક્શનની માહિતી હતી. ડાયરીમાં લખ્યું છે કે 'બાલુદા' એટલે કે MIC શ્રીને જ્યોતિપ્રિયા મલિક અને તેની ત્રણ કંપનીઓમાં જમા થયેલી રોકડ કેવી રીતે મળી. જે અગાઉ શારદા આર્ટસ પ્રાઈવેટ લિમિટેડ (ગ્રેસિયસ ક્રિએશન પ્રાઈવેટ લિમિટેડ), શારદા ફિલ્મ્સ પ્રાઈવેટ લિમિટેડ (ગ્રેસિયસ ઈનોવેટિવ પ્રાઈવેટ લિમિટેડ) અને હનુમાન રિયલકોન પ્રાઈવેટ લિમિટેડ તરીકે ઓળખાતા હતા.. પશ્ચિમ બંગાળ પોલીસે ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૦ થી ૨૦૨૨ સુધી આ કૌભાંડ અંગે ઘણા કેસ નોંધ્યા હતા. PDS રાશન ગેરકાયદેસર રીતે વેચવામાં આવ્યું હતું અને તેના ઘણા વિતરકોની ધરપકડ કરવામાં આવી હતી. આ રાશન પબ્લિક ડિસ્ટ્રિબ્યુશન સ્કીમ હેઠળ પશ્ચિમ બંગાળ જાહેર વિતરણ પ્રણાલી દ્વારા સપ્લાય કરવાના હતા. સરકારે રાશન સપ્લાયની જવાબદારી NPG રાઈસ મિલ્સ પ્રાઈવેટ લિમિટેડને આપી હતી, જેના ડિરેક્ટર બકીબુર રહેમાન હતા. દરોડા દરમિયાન એક વ્યક્તિના ઘરેથી એક ડાયરી મળી આવી હતી જેમાં ખરીદ-વેચાણની સંપૂર્ણ માહિતી હતી. વ્યક્તિએ જણાવ્યું કે તે છેલ્લા ૮-૧૦ વર્ષથી ગેરકાયદેસર રીતે PDS રાશનની ખરીદી અને વેચાણ કરી રહ્યો હતો.. તપાસ દરમિયાન એવું પણ જાણવા મળ્યું કે એક વ્યક્તિ પાસે પીડીએસ રાશન વેચવાનું લાઈસન્સ છે, પરંતુ તે આ રાશનને ખુલ્લા બજારમાં વેચે છે. આ આખું રાશન NPG રાઈસ મિલ્સ પ્રાઈવેટ લિમિટેડ તરફથી આવતું હતું, જે મિલ માલિકની મિલીભગતથી ખુલ્લા બજારમાં ગેરકાયદેસર રીતે વેચવામાં આવી રહ્યું હતું. ફ્લોર મેનેજરે તેમના નિવેદનમાં જણાવ્યું હતું કે તેઓ સરકારી વિતરકોને ૨૦-૪૦ ટકા ઓછું રાશન સપ્લાય કરતા હતા અને આ રાશન ખાનગી દુકાનદારોને જતું હતું, પુરાવા તરીકે ઘણા રજીસ્ટર બનાવવામાં આવ્યા હતા જેમાં પેમેન્ટ અને આવા વિતરકોની સંપૂર્ણ માહિતી હતી. તેના દરોડામાં, EDએ પશ્ચિમ બંગાળ સરકારના વિવિધ વિભાગોના ૧૦૦થી વધુ સ્ટેમ્પ જપ્ત કર્યા છે.

### દુનિયાના દિગ્ગજ રોકાણકાર ઝેફઅફરીઝના ક્રિસ્ટોફર વુડે આશંકા વ્યક્ત કરી

# ૨૦૨૪માં એનડીએ ફરી સત્તા પર નહીં આવે તો ભારતીય શેરબજારમાં કડાકો બોલશે

### બિઝનેસ સ્ટાન્ડર્ડ બીએફએસઆઈ સમિતિ ૨૦૨૩ને સંબોધિત કરતા ક્રિસ વુડે શેરબજાર માટે સૌથી મોટા રિસ્કનો ઉલ્લેખ કરતા ચોંકાવનારૂં નિવેદન કર્યું

નવી દિલ્હી, તા.૧

આગામી વર્ષે ૨૦૨૪માં થનારી લોકસભા ચૂંટણીમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ વાળી એનડીએસરકાર સતત ત્રીજી વખત સત્તામાં ન આવી તો ભારતીય શેરબજારમાં સુનામી આવી શકે છે. શેરબજાર ૨૫% સુધી પડી શકે છે. આ આશંકા દુનિયાના દિગ્ગજ રોકાણકાર ઝેફઅફરીઝના ક્રિસ્ટોફર વુડે કરી છે.

બિઝનેસ સ્ટાન્ડર્ડ બીએફએસઆઈ સમિતિ ૨૦૨૩ને સંબોધિત કરતા ક્રિસ વુડે શેરબજાર માટે સૌથી મોટા રિસ્કનો ઉલ્લેખ કરતા કહ્યું કે, જો સત્તારુઢ પાર્ટી ૨૦૨૪માં સતત ત્રીજી વખત સત્તામાં ન આવી તો ભારતીય શેરબજારમાં મોટો ઘટાડો આવી શકે છે. જોકે, ક્રિસ વુડે આ સાથે જ એ પણ કહ્યું કે,તેની શક્યતાઓ ઘણી ઓછી જણાઈ રહી છે.

પૂર્વ વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના નેતૃત્વ વાળી એનડીએસરકારને કોંગ્રેસની આગેવાની વાળી યુપીએસરકારે ૨૦૦૪ની લોકસભામાં ચૂંટણીમાં હરાવી હતી. જેની કોઈને પણ આશા નહોતી. ચૂંટણીના પરિણામો સામે આવ્યા બાદ તે સમયે શેરબજારમાં સતત બે દિવસ સુધી લોઅર સર્કિટ લાગ્યુ હતું. કારણ કે, યુપીએસરકાર વામપંથી દળ સીપીએમના સમર્થનથી બની રહી હતી જે આર્થિક સુધારાની કટ્ટર વિરોધી હતી. ક્રિસ વુડે ૨૦૦૪ને યાદ કરતા કહ્યું કે, ૨૦૦૪માં જે થયુ એવું જ જો ૨૦૨૪માં થશે તો શેરબજારમાં ૨૫%નો ઘટાડો આવી શકે છે. જોકે, તેમણે આ સાથે જ એમ પણ કહ્યું કે, એટલી જ તેજીથી બજાર ફરીથી ઉપર પણ આવી જશે.

૨૦૧૪ની લોકસભા ચૂંટણીના પરિણામોની વાત કરીએ તો ૧૬ મે ૨૦૧૪ના રોજ જે દિવસે મતોની ગણતરી થઈ રહી હતી અને જ્યારે સ્પષ્ટ થઈ ગયું કે કેન્દ્રમાં નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં બહુમતી સાથે એનડીએ સરકાર બનવા જઈ રહી છે ત્યારે તે દિવસે પહેલી વાર બીએસઈસેન્સેક્સ ૨૫,૦૦૦ના લેવલને પાર કરવામાં સફળ રહ્યો હતો. સેન્સેક્સમાં ૧૪૫૦ પોઈન્ટથી વધુનો ઉછાળો જોવા મળ્યો હતો. એનએસઈનો નિફ્ટી પણ પહેલી વાર દિવસના ટ્રેડમાં ૭૫૦૦ના આંકડાને પાર કરવામાં સફળ રહ્યો હતો. જોકે, બજાર બંધ થાય તે પહેલાં પ્રોફિટ બુકિંગ પાછું આવતા સેન્સેક્સ માત્ર ૨૧૬ પોઈન્ટના ઉછાળા સાથે ૨૪૧૨૧ પર અને નિફ્ટી ૭૫ પોઈન્ટના ઉછાળા સાથે ૭૨૦૦ પર બંધ થયો હતો.

૨૦૧૯ની લોકસભા ચૂંટણીના મત ગણતરીના દિવસે નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની દ્રઢ્છ સરકાર બનવા જઈ રહી છે એ સ્પષ્ટ થતાં જ પહેલી વખત દિવસના ટ્રેડમાં મ્જીઈ સેન્સેક્સ ૪૦,૦૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહ્યો હતો. નિફ્ટી ૧૨૦૦૦નો આંકડો પાર કરવામાં સફળ રહ્યો હતો જે એક ઐતિહાસિક રેકોર્ડ લેવલ હતો. જોકે બજાર બંધ થતા બંને ઈન્ડેક્સ લાલ નિશાનમાં ક્લોઝ થયા હતા. સેન્સેક્સ ૨૯૮ પોઈન્ટના ઘટાડા સાથે ૩૮૮૧૧ પોઈન્ટ અને નિફ્ટી ૮૦ પોઈન્ટના ઘટાડા સાથે ૧૧૬૫૭ પોઈન્ટ પર બંધ થયો હતો.

# ગુજરાતના ૨૦ સહિત ૨૦૪ પોલીસ અધિકારીની સ્પેશિયલ ઓપરેશન મેડલ માટે પસંદગી

નવી દિલ્હી, તા.૧

કેન્દ્રીય ગૃહમંત્રીના સ્પેશિયલ ઓપરેશન મેડલ-૨૦૨૩ માટે ગુજરાતના ૨૦ સહિત ૨૦૪ પોલીસ અધિકારીઓની પસંદગી કરવામાં આવી છે. ડીઆઈજીપીદિપેન ભદ્રમ, ડીવાયએસપી ભાવેશ રુઝીયા સહિત ગુજરાતમાંથી ૨૦ પોલીસ અધિકારીઓની મેડલ માટે પસંદગી કરાઈ છે. મણિપુર પોલીસના મહાનિદેશક રાજીવ સિંહ તેમજ જમ્મુ-કાશ્મીરમાં વિવિધ હોદ્દાઓ પર કાર્ય કર્યા બાદ કેન્દ્રીય રિઝર્વ પોલીસ દળ (સીઆરપીએફ)માં તૈનાત થનારા વરિષ્ઠ આઈપીએસ અધિકારી અમિક કુમારનું નામ પણ યાદીમાં સામેલ છે.

એવોર્ડ માટે ૧૦ રાજ્યો અને ત્રણ કેન્દ્રીય એજન્સીઓમાંથી ૨૦૪ પોલીસ અધિકારીઓની પસંદગી કરાઈ છે, જેમાં સીઆરપીએફમાંથી ૨૦, એનઆઈએમાંથી ૯, એનસીબીમાંથી ૧૪, આંધ્રપ્રદેશમાંથી ૧૨, આસામમાંથી પાંચ, ગુજરાત માંથી ૨૦, ઝારખંડ માંથી ૧૬, મધ્યપ્રદેશમાંથી ૨૧, તમિલનાડુ માંથી ૧૯, તેલંગણા માંથી ૨૨, ત્રિપુરા માંથી ૨, પશ્ચિમ બંગાળમાંથી ૧૦ અને ઉત્તરાખંડ માંથી ૩ પોલીસ અધિકારીઓની એવોર્ડ માટે પસંદગી કરાઈ છે.

હાઈ લેવલના ઓપરેશનોમાં મહત્વની ભૂમિકાને ધ્યાને લઈ વર્ષ ૨૦૧૮માં આ એવોર્ડની શરૂઆત કરાઈ હતી. આ એવોર્ડ આતંકવાદ સામે મુકાબલો, સરહદ પાર કાર્યવાહી, હથિયાર નિયંત્રણ, કેફી પદાર્થોની તસ્કરી અટકાવી જેવા ક્ષેત્રોમાં આપવામાં આવે છે. આ એવોર્ડ દર વર્ષે ૩૧મી ઓક્ટોબરે પોલીસ કર્મચારીઓને આપવામાં આવે છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સંસારમાં સર્વશ્રેષ્ઠ જ્ઞાનદાન છે...

- ઋગ્વેદ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ખોરદાદ-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-આખર-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, આસો વદ-૪ સંકષ્ટ ચતુર્થી (ચંદ્રોદય રાત્રે ૯:૦૧ ક.), કરવા ચોથ, કરક ચતુર્થી તા.૧ નવેમ્બર ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૮, મુસ્લિમ તા.૧૬, મૃગશીર્ષ નક્ષત્ર, પરિઘ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૫૭, સૂ.અ.૬:૧૨

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી વૃષભ (બ વ ઉ), સાંજે ૪:૧૪ ક. પછી જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: લાભની તક અટકે, મિલન-મુલાકાતમાં સફળતા રહે.
વૃષભ :મહત્વના કાર્યમાં પ્રગત્તિ થાય. મનની ઈચ્છા ફળે.
મિથુન :ચિંતાનો ઉકેલ મળે. કાર્યમાં સફળતા મળે.
કર્ક: ગૃહજીવનમાં ચકમક ઝરે. નવા લાભની આશા ફળે.
સિંહ: વ્યર્થ ભાગદોડ કરવી પડે. સત્યપ્રવાહમાં ચાલતા હોઈએ તેવું અનુભવાય.
કન્યા: નવિન તક સાંપડે. જીવનસાથીના સહકારથી કાર્ય સફળતા મળે.
તુલા: જમીનને લગતા કાર્યોમાં સફળતા મળે. રોકાયેલા નાણાં છૂટા થાય.
વૃશ્ચિક :મહત્વના પ્રશ્નોનો ઉકેલ આવે. માંગલિક કાર્યોમાં ધન વ્યય થાય.
ધન: આવકવૃધ્ધિના નવા માર્ગો ખૂલે. વિરોધીઓથી સાવધ રહેવું.
મકર: કૌટુંબિક સમસ્યાનો ઉકેલ મળે. માનસિક પ્રસન્નતામાં વધારો થાય.
કુંભ: નવિન લાભની તક સાંપડે. મનની મુંઝવણ દૂર થાય.
મીન: ધીરજના ફળ મીઠા મળે. નાણાંભીડમાંથી માર્ગ મળે.

# વર્ષમાં રાજ્યમાં હાર્ટ એટેકના ૨૮, અમદાવાદમાં ૩૦ ટકાનો વધારો

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં હાર્ટ એટેકના કેસમાં થઈ રહેલો સતત વધારો ચિંતાનો વિષય બન્યા છે. ડોક્ટરોના મતે ગત વર્ષની સરખામણીએ હાર્ટ એટેકના કેસમાં અમદાવાદમાં ૩૦ ટકા જ્યારે ગુજરાતમાં ૨૮ ટકાનો વધારો થયો છે. ગુજરાતમાં છેલ્લા કેટલાક સમયથી ખાસ કરીને યુવા વયે હાર્ટ એટેકના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. બિનસત્તાવાર અહેવાલ અનુસાર તાજેતરમાં નવરાત્રિ દરમિયાન જ ૨૪થી વધુ લોકોએ ગરબા કરતી વખતે અચાનક હાર્ટ એટેક આવવાથી જીવ ગુમાવ્યો હતો. આ અંગે અમદાવાદ મેડિકલ એસોસિયેશનના પ્રેસિડેન્ટ ડો. તુષાર પટેલે જણાવ્યું કે, 'હાર્ટ એટેકના વધતા જતા કેસ ચિંતાનો વિષય છે. છેલ્લા એક વર્ષમાં હાર્ટએટેકના કેસમાં અમદાવાદમાં ૩૦ ટકાનો જ્યારે ગુજરાતમાં ૨૮ ટકાનો વધારો થયો છે. વધતા જતા કેસને મામલે સરકાર દ્વારા મૂળમાં જઈને તપાસ થવી જોઈએ. જરૂર પડે તો હાર્ટ એટેકથી મૃત્યુ પામનારાનું પોસ્ટમોર્ટમ કરીને તપાસ કરવામાં આવે તે જરૂરી છે.

અમદાવાદની સિવિલ હોસ્પિટલના પરિસરમાં આવેલી યુ.એન. મહેતા ઈન્સ્ટિટ્યુટ ઓફ કાર્ડિયોલોજીમાં વર્ષ ૨૦૨૧માં દરરોજના સરેરાશ ૭૧૨, ૨૦૨૨માં સરેરાશ ૮૭૧ જેટલા હૃદયના દર્દી નોંધાતા હતા. જેની સરખામણીએ વર્ષ ૨૦૨૩માં દરરોજના સરેરાશ ૯૫૦થી વધુ હૃદયની સમસ્યા ધરાવતા દર્દી નોંધાઈ રહ્યા છે. આજથી થોડા વર્ષ અગાઉ કોઈ વ્યક્તિને ૫૦થી ૬૦ના વયજૂથમાં હાર્ટ એટેક આવતો તો પણ આશ્ચર્ય ગણાતું. જેની સરખામણીએ છેલ્લા કેટલાક વર્ષમાં બાળકો-કિશોરો-યુવાનોમાં પણ હાર્ટ એટેકના કેસમાં વધારો થવા લાગ્યો છે. યુ.એન. મહેતા ખાતે વર્ષ ૨૦૨૧-૨૨માં કુલ ૨.૬૬ લાખ કેસ હતા અને તે ૨૦૨૨-૨૩માં ૨૭ ટકા વધીને ૩.૩૭ લાખ થઈ ગયા છે.

# ડાર્ક વેબ પર ૮૧.૫ કરોડ ભારતીયોના આધાર ડેટા લિક થયા

નવી દિલ્હી, તા.૧ : આજના આ આધુનિક સમયમાં પર્સનલ ડેટા સોના કરતા પણ વધુ કિંમતી માનવામાં આવે છે. એવામાં અમેરિકાએ રજૂ કરેલ એક અહેવાલ ભારત માટે ચિંતાજનક છે. અમેરિકાના એક સાયબર સુરક્ષા ફર્મએ એવો દાવો કર્યો છે કે, લગભગ ૮૧.૫ કરોડ ભારતીયોનો પર્સનલ ડેટા ડાર્ક વેબ પર લીક થયો છે. એવો દાવો કરવામાં આવે છે કે આ ડેટા નામ, ફોન નંબર, એડ્રેસ, આધાર કાર્ડ અને પાસપોર્ટની જાણકારી સહિત ડેટાની ઓનલાઈન વહેંચણી માટે લીક કરવામાં આવ્યો છે. આ અહેવાલ અનુસાર, ડાર્ક વેબની આડીદ્વારા એક વ્યક્તિએ બ્રીચ ફર્મ પર એક થ્રેડ પોસ્ટ રજૂ કરી ૮૧.૫ કરોડ ભારતીયોના આધાર અને પાસપોર્ટના ડેટાને વહેંચવાની ઓફર કરી હતી. આ અહેવાલમાં તો એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે, હન્ટર (હ્યુમિન્ટ) યુનિટના તપાસકર્તાઓએ ધમકી આપનાર વ્યક્તિ સાથે સંપર્ક કર્યો હતો. જેમાં માહિતી સામે આવી છે કે, ભારતીય આધાર કાર્ડ અને પાસપોર્ટના ડેટાબેઝને ૮૦,૦૦૦ ડોલરમાં વેચાયો છે. સુત્રો પરથી મળતી માહિતી અનુસાર, હાલ સેન્ટ્રલ બ્યુરો ઑફ ઈન્વેસ્ટિગેશન (સીબીઆઈ) દ્વારા આ હેકરની શોધ ચાલી રહી છે. અમૂક એવા અહેવાલો સામે આવ્યા છે કે, લીક થયેલ ડેટાબેઝ આઈસીએમઆરસાથે સંબંધિત હોઈ શકે છે. એક ટ્વીટર યુઝરે તો એવો પણ દાવો કર્યો કે, એક અજાણ હેકર દ્વારા ૮૦ કરોડથી વધુ ભારતીયોના કોવીડ-૧૯ના ડેટાબેઝને લીક કર્યો છે. આ ભારતમાં સૌથી મોટો ડેટા લીક થયાનો મામલો છે. લીક થયેલા દેતામાં નામ,પિતાનું નામ, ફોન નંબર, પાસપોર્ટ નંબર, આધાર નંબર, વ્યક્તિની ઉંમરની સમાવેશ થાય છે. અગાઉ જૂનમાં પણ એવી વાતો સામે આવી હતી કે, કોવિનવેબસાઈટ પરથી વીવીઆઈપીસહિત વેક્સિન લીધેલ વ્યક્તિના પર્સનલ ડેટા ટેલિગ્રામ ચેનલમાં લીક થયાની માહિતી બાદ સરકારે ડેટા ભંગની તપાસનો આદેશ રજૂ કર્યો હતો.

# રાજયમાં હવે ભેંસ-ગાયના દૂધની જેમ બકરીના દૂધનું માર્કેટ ઊભું કરાશે !

ગાંધીનગર, તા.૧

ગુજરાત દૂધ ઉત્પાદન ક્ષેત્રે સતત આગળ વધી રહ્યું છે, જેના માટે ગાય- ભેંસના તેમજ કચ્છ જિલ્લામાં ઊંટડીના દૂધ માટે સંપાદન તેમજ બજાર વ્યવસ્થાનું અમૂલ બ્રાન્ડનુ ઉત્તમ સહકારી માળખુ સફળતાપૂર્વક કાર્યરત થયેલ છે ત્યારે હવે પશુપાલકો સાથે સાથે ગુજરાતમાં બકરાપાલન વ્યવસાય સાથે સંકળાયેલ માલધારીઓને પણ બકરીનું દૂધ વેચીને આર્થિક રીતે સમૃદ્ધ અને સ્વનિર્ભર બને તે માટે તેઓની રજૂઆતોને પગલે રાજ્ય સરકાર દ્વારા સક્રિયપણે ચર્ચાવિચારણા હાથ ધરવામાં આવી છે. સુરેન્દ્રનગર જિલ્લા ઘેટા-બકરા ઉછેરક માલધારી સંગઠન દ્વારા સુરેન્દ્રનગર જિલ્લામાં બકરીના દૂધના સંપાદન-બજાર વ્યવસ્થા ઉભી કરવા માટે પશુપાલન મંત્રી રાઘવજી પટેલ સમક્ષ રજૂઆત કરવામાં આવી હતી. મંત્રીએ આ રજૂઆતને ગંભીરતાપૂર્વક ધ્યાને લઈ ગાંધીનગર ખાતે બેઠક યોજી હતી. જેમાં પશુપાલન નિયામક, ગુજરાત કોઓપરેટીવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશનના પ્રતિનિધિ, સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘના વરિષ્ઠ અધિકારીઓ, સુરેન્દ્રનગર જિલ્લા ઘેટા-બકરા ઉછેરક માલધારી સંગઠનના પ્રમુખ સહિત વિવિધ પ્રતિનિધિઓ ઉપસ્થિત રહ્યા હતા. મંત્રીએ જણાવ્યું હતું કે, છેલ્લી પશુ વસતી ગણતરી અનુસાર ગુજરાતમાં બકરી વર્ગના પશુઓની સંખ્યા ૪૮ લાખથી પણ વધુ છે. ગુજરાત દ્વારા થતા કુલ ૧૬૭ લાખ મે. ટન દૂધ ઉત્પાદનમાં બકરીના દૂધનો ફાળો ૨ ટકા જેટલો છે. રાજ્યમાં ગાય, ભેંસ અને ઊંટડીના દૂધ માટે જેમ અમૂલ બ્રાન્ડનુ ઉત્તમ સહકારી માળખુ ઉપલબ્ધ છે, તેવી જ રીતે આગામી સમયમાં અનેક ગુણધર્મો ધરાવતા બકરીના દૂધ માટે પણ અમૂલનું ઉત્તમ સહકારી માળખું કાર્યરત કરી શકાય તેમ છે. ભારત સરકારની ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી દ્વારા ફેબ્રુઆરી-૨૦૨૩ના ગેઝેટમાં બકરીના દૂધના સુધારેલ માનક પ્રસિદ્ધ કરાયા છે, જે સપ્ટેમ્બર-૨૦૨૩થી અમલીકૃત થયા છે. ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન-આણંદ તેમજ સુરેન્દ્રનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ સાથે મળીને આ બાબતે વિગતવાર અભ્યાસ કરી બકરીના દૂધના ભાવ, પેકેજીંગ, માર્કેટિંગ સહિતની બાબતોને આવરી લઈ પ્રોજેક્ટ પ્રપોઝલ તૈયાર કરી તેને વિગતવાર રજૂ કરવા માટે મંત્રીએ પટેલે સૂચના આપી હતી. ભવિષ્યમાં દૂધ સંજીવની પ્રોજેક્ટ હેઠળ પણ બકરીનુ દૂધ આપી શકાય કે કેમ તે અંગેના પણ વિવિધ પાસાઓનો અભ્યાસ કરવા મંત્રીએ માર્ગદર્શન પૂરૂં પાડ્યું હતું.

### રાજયમાં નકલી હળદર, નકલી ઘી બાદ હવે બનાવટી ઈનોના વેપલાનો પર્દાફાશ

# માતર GIDCમાંથી નકલી ઈનો બનાવતી ફેકટરી ઝડપાઈ : ૨૨ હજારથી વધુ નકલી પાઉચ પકડાયા

નડિયાદ, તા.૧

ખેડા જિલ્લો નકલી ખાદ્ય ચીજવસ્તુઓ માટે હબ બની ગયું હોય તેમ એક બાદ એક નકલી ખાદ્ય ચીજવસ્તુઓના વેપલાનો પર્દાફાશ થાય છે. નકલી હળદર, નકલી ઘી બાદ હવે નકલી ઈનોના વેપલાનો પર્દાફાશ થયો છે. માતર GIDCમાંથી નકલી ઈનો બનાવતી ફેક્ટરી ઝડપાઈ છે. જેમાં ૩ લોકો સામે કોપીરાઈટ એક્ટના ભંગ હેઠળની ફરિયાદ માતર પોલીસમાં નોંધાઈ છે. ઈનોના નકલી ૨૨,૨૦૦ પાઉચ કિંમત રૂપિયા ૨.૨૨ લાખના કબ્જે કરાયા છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ અમરાઈવાડી વિસ્તારમાં રહેતા અને નેત્રીકા કન્સટંગ એન્ડ ઈન્વીસ્ટીગેશન નામની કંપનીમાં ચીરાગભાઈ નરેશભાઈ પંચાલ સીનયર ફીલ્ડ ઓફીસર તરીકે ફરજ બજાવે છે. જેમાં ચિરાગને અલગ-અલગ બ્રાન્ડેડ કંપનીઓના કોપી રાઈટ તથા ટેર્ડ માર્કના હક્કોના રક્ષણ માટે ફરિયાદ કરવા માટેનું કામ હોય છે. આ કંપનીને ગ્લેક્ષો ગ્રુપ લીમીટેડ કંપનીના જીએસકે (ઈનો)ના કોપી રાઈટ હક્કોની ઓથોરીટી મળેલ છે. જે મુજબ ચિરાગભાઈ તેમના સાથીદારો સાથે ગતરોજ ખેડા જિલ્લા લોકલ ક્રાઈમ બ્રાન્ચ પોલીસને સાથે રાખી ખેડા જિલ્લાના માતરમા આવેલ GIDCમાં આવેલ પ્લોટ નંબર ૪૯ ખાતેની એક ફેક્ટરીમાં દરોડા પાડ્યા હતા. જ્યાંથી મોટી માત્રામાં નકલી ઈનોના પાઉચ મળી આવ્યાહતા. આ દરોડા દરમ્યાન ફેક્ટરીમા હાજર ત્રણ લોકો કામરાન મહંમદહુસેન છીપા (રહે.આસ્ટોડિયા, અમદાવાદ), ભગવાનરામ રૂપારામ ભાટી (રહે. રાજસ્થાન) અને શેવાજ ઉર્ફે ગુડ્ડુ નસીરઅહેમદ અંસારી (રહે.ઉત્તરપ્રદેશ)ને સાથી રાખી ફેક્ટરીમાં સર્ચ હાથ ધરાયું હતું. જ્યાંથી ગ્લેક્ષો ગ્રુપ લીમીટેડ કંપનીના જીએસકે (ઈનો)ના નકલી પેકેટો (પાઉચો) મળીઆવ્યા હતા. પંચોને સાથે રાખી ગણતરી કરતા કુલ ૨૨,૨૦૦ પાઉચો કિંમત રૂપિયા ૨ લાખ ૨૨ હજારના મળી આવ્યા હતા. આ બાબતે હાજર અધિકારીઓએ ત્રણ ઈસમો પાસે પરવાનો માગતા તે રજૂ કરી શક્યા નહોતા અને આ તમામ પાઉચો બનાવટી હોવાનું જાણવાં મળ્યું હતું. ફેક્ટરીમાંથી અન્ય ચીજવસ્તુઓ જેવી કે, પ્લાસ્ટીકના ગ્લેક્ષો ગ્રુપ લીમીટેડ કંપનીના જીએસકે (ઈનો) કંપનીના લેબલ છાપેલ રોલ નંગ-૨, એક સેલોટેપ રોલ, પ્લાસ્ટીકના મોટા ૩ થેલાઓમાં ગ્લેક્ષો ગ્રુપ લીમીટેડ કંપનીના જીએસકે (ઈનો) નામવાળા લુસ પૈકીંગ બોક્ષ (થેલી) જે એક થેલામાં ૨૫૦૦ લેખે કુલ-૩ થેલામાં ૭૫૦૦, પુઠા મોટા (માસ્ટર) કાર્ટૂન નંગ- ૧૦ જેની ઉપર ગ્લેક્ષો ગ્રુપ લીમીટેડ કંપનીના જીએસકે (ઈનો) કંપનીના લેબલ છાપેલ છે. પાઉચ પેકીંગ ઈલેક્ટ્રીક મશીન, પુઠા બોક્ષ ઉપર લગાવાના ઈનો (અંગ્રેજીમાં) લખેલ સ્ટીકર નંગ-૨૫૦૦ મળી આવ્યા હતા. પકડાયેલા ઈસમોને આ ફેક્ટરીના માલિક વિશે પુછપરછ કરતા કામરાન છીપાએ જણાવેલ કે, આ ગોડાઉન તેણે ભાડે રાખેલ હોવાની વિગતો બહાર આવી છે. આથી કોપીરાઈટ એક્ટના ભંગનો ગુનો બનતો હોય આ ત્રણેય ઈસમો સામે સીનીયર ફીલ્ડ ઓફીસરે માતર પોલીસમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# વિકલાંગ મહિલાને ઓફિસમાં સીડી ચડવાની ફરજ પાડવા બદલ મેરેજ રજિસ્ટ્રારને સસ્પેન્ડ કરવામાં આવ્યા

(એજન્સી) તા.૧

લગ્નની ઔપચારિકતાઓ પૂર્ણ કરવા માટે એક વિકલાંગ મહિલાને તેના લગ્નના દિવસે મુંબઈમાં ખારમાં લગ્ન રજિસ્ટ્રારની બીજા માળની ઓફિસમાં ઉપર જવાની ફરજ પાડવામાં આવ્યા પછી એક લગ્ન અધિકારીને સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. મહારાષ્ટ્રના મહેસૂલ વિભાગે બુધવારે, ૨૫ ઓક્ટોબરે આ અધિકારી અરૂણ ઘોડેકરને સસ્પેન્ડ કરતો સરકારી ઠરાવ (GR) બહાર પાડ્યો હતો. વિરાલી મોદી વિકલાંગ છે અને તે વ્હીલચેરનો ઉપયોગ કરે છે અને પોતાને વિકલાંગ અધિકાર કાર્યકર્તા તરીકે ઓળખાવે છે, તેણે ગયા અઠવાડિયે X ઉપરની એક પોસ્ટમાં દાવો કર્યો હતો કે તેણીના લગ્નના દિવસે તેણીને શહેરમાં લગ્ન રજીસ્ટ્રારની બીજા માળની ઓફિસમાં લઈ જવી પડી હતી કારણ કે આ બિલ્ડીંગમાં લિફ્ટ ન હતી અને અધિકારીઓએ ઔપચારિકતા પૂરી કરવા નીચે આવવાનો ઈનકાર કર્યો હતો. તેણીએ કહ્યું કે, આ વાજબી છે ? સુલભ ભારત ઝુંબેશનું શું થયું ? હું વ્હીલચેરનો ઉપયોગ કરતી હોવાને કારણે, શું હું જેને પ્રેમ કરૂ છુંર તેની સાથે લગ્ન કરવાનો મને અધિકાર નથી? જો હું લપસી ગઈ હોત અને પડી ગઈ હોત તો ? તો કોઈ જવાબદાર છે ?. આ પોસ્ટ અનેક લોકો દ્વારા શેર કરવામાં આવી હતી, અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે પ્રતિભાવ આપ્યો હતો, જેમણે કહ્યું હતું કે તેણીને જે સામનો કરવો પડ્યો હતો તેના માટે તેઓ દિલગીર છે અને સુધારણા અને યોગ્ય પગલાં લેવાની ખાતરી આપી હતી. જીઆરમાં રાજ્યના મહેસૂલ વિભાગે જણાવ્યું હતું કે ઘોડેકરે એક સરકારી અધિકારી તરીકે આગ્રહ કર્યો હતો કે વિકલાંગ વ્યક્તિ તેના અને વરરાજાના ફિંગરપ્રિન્ટ્સ અને કોમ્પ્યુટર પર ફોટા એકત્ર કરવા માટે તેઓ બીજા માળે આવે. સ્પેશિયલ મેરેજ એક્ટ ૧૯૫૪માં એવી જોગવાઈઓ છે જયાં લગ્ન અધિકારીએ લગ્ન નોંધણી કાર્યાલયથી વાજબી અંતરે લગ્ન સ્થળે જવાની જરૂર છે તો સરકારી અધિકારીઓએ પ્રતિસાદ આપવો પડશે અને નબળા વર્ગોને આ સેવા પૂરી પાડવી પડશે. વિરાલી મોદી અને તેના મંગેતર ક્ષિતિજ નાયકની નજીકના લોકોએ ઘોડેકરને ટેલિફોન કરીને લગ્નની નોંધણીની પ્રક્રિયા પૂર્ણ કરવા નીચે આવવા વિનંતી કરી હતી. પરંતુ ઘોડેકરે આગ્રહ કર્યો કે તેઓ બિલ્ડિંગના બીજા માળે આવે, જેમાં લિફ્ટ ન હતી. આ સેવાનું ઉલ્લંઘન છે અને નિયમો તોડીને અભદ્ર વર્તન કરવા માટે અરૂણર ઘોડેકર આગળના આદેશ સુધી સસ્પેન્ડ કરવામાં આવે છે. વિરાલી મોદીએ ગયા અઠવાડિયે પોતાની પોસ્ટમાં જણાવ્યું હતું કે, હું અપંગ છું અને મેં ૧૬/૧૦/૨૩ના રોજ ખાર મુંબઈ ખાતેની રજિસ્ટ્રાર ઓફિસમાં લગ્ન કર્યા હતાં. ઓફિસ બિલ્ડીંગમાં લિફ્ટ ન હતી અને તે બીજા માળે હતી. તેઓ નીચેનાં માળે આવતાં ન હતાં. હસ્તાક્ષર કરવા અને લગ્ન રજીસ્ટર કરવા માટે અને સીડી ઉપરથી લઈ જવી પડી હતી. હું નિરાશ છું કે મારા દેશની સરકાર અને નાગરિકો મારી વિકલાંગતાને સમજી શકતા નથી. આ અગ્નિપરીક્ષાથી માનવતામાં મારો વિશ્વાસ ઘટી ગયો છે. હું કોઈ સામાન કે વસ્તુ નથી જેને બે માળ સુધી લઈ જવાની જરૂર છે. હું એક માનવ છું અને મારા પણ અધિકારો છે !

# કેનેડાએ કહ્યું કે ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં ભારતીયોની અડધી જ વિઝા અરજીઓ ઉપર પ્રોસેસ થઈ શકશે

(એજન્સી) તા.૧

કેનેડાએ કહ્યું છે કે ભારતીયો માટેના ૩૮,૦૦૦ વિઝામાંથી તે સ્ટાફની અછતને કારણે આ વર્ષના ડિસેમ્બરના અંત સુધીમાં માત્ર ૨૦,૦૦૦ વિઝા અરજીઓ ઉપર પ્રોસેસ પૂર્ણ કરી શકશે. સીઆઈસી ન્યૂઝના અહેવાલ મુજબ કેનેડાના ઈમિગ્રેશન મિનિસ્ટર માર્ક મિલરે કહ્યું કે ભારતમાં વિઝાના કામની દેખરેખ માટે હાલમાં માત્ર પાંચ લોકો છે. ઈમિગ્રેશન, રેફ્યુજીસ એન્ડ સિટીઝનશિપ કેનેડા (IRCC) જે વિઝા અરજીઓ ઉપર પ્રક્રિયા કરે છે તેણે આ મહિને તેના સ્ટાફની સંખ્યા ૨૭થી ઘટાડીને માત્ર પાંચ કરી દીધી છે. IRCC હવે અપેક્ષા રાખે છે કે બેકલોગ ૨૦૨૪ની શરૂઆતમાં લગભગ ૧૭,૫૦૦ ભારતીય અરજીઓ હશે. જોકે દેશના ટોચના ઈમિગ્રેશન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકાર ૨૦૨૪ની શરૂઆતમાં ભારતીય અરજીઓ માટે સામાન્ય પ્રક્રિયા ઉપર પાછા ફરવા માટે કામ કરી રહી છે. આઈઆરસીસીએ કહ્યું કે આ હાંસલ કરી શકાય છે કારણ કે ભારતમાંથી બહાર કાઢવામાં આવેલા સ્ટાફ કેનેડા અને ફિલિપાઈન્સમાં છે. CIC અનુસાર, IRCC વિઝા એપ્લિકેશન સેન્ટર (VAC)ના વર્કલોડને ઘટાડવાનો પ્રયાસ કરી રહી છે. IRCCએ ગયા અઠવાડિયે જારી કરેલા એક નિવેદનમાં જણાવ્યું હતું કે ભારતની મોટાભાગની અરજીઓ દેશની બહાર પહેલાથી જ પ્રોસેસ કરવામાં આવી છે, જેમાં ભારતની ૮૯ ટકા અરજીઓ વૈશ્વિક નેટવર્ક દ્વારા પ્રક્રિયા કરવામાં આવે છે. ભારતમાં સ્થિત કેનેડા સ્થિત IRCCના પાંચ કર્મચારીઓ એવા કામ ઉપર ધ્યાન કેન્દ્રિત કરશે કે જેમાં તાત્કાલિક પ્રક્રિયા, વિઝા પ્રિન્ટિંગ, જોખમનું મૂલ્યાંકન અને મુખ્ય ભાગીદારોની દેખરેખ જેવા દેશમાં હાજરીની જરૂર હોય. વિભાગનો ધ્યેય તમામ અરજીઓના ૮૦ ટકા ઉપર પ્રક્રિયા કરવાનો છે જે અરજીના પ્રકારને આધારે બદલાય છે. એપ્લિકેશન જયારે સેવાના ધોરણોમાં પ્રક્રિયા કરવામાં આવતી નથી ત્યારે બેકલોગમાં જાય છે. IRCCએ ભારતમાં વાણિજય દૂતાવાસની તમામ સેવાઓને અસ્થાયી રૂપે સ્થગિત કરી દીધી છે જોકે ભારતમાંથી અરજીઓ હજુ પણ સ્વીકારવામાં આવશે અને પ્રક્રિયા કરવામાં આવશે. દરમ્યાન ભારતે ૨૬ ઓક્ટોબરથી કેનેડામાં વિઝા સેવાઓ આંશિક રીતે ફરી શરૂ કરી છે. રાજદ્વારી સંબંધોમાં બગાડના કારણે તેઓને બંધ કરવામાં આવ્યા હતા. ભારતીય હાઈ કમિશને એક નિવેદનમાં જણાવ્યું હતું કે પ્રવેશ, વ્યવસાય, મેડિકલ અને ઈવેન્ટ વિઝા માટેની સેવાઓ ફરી શરૂ થશે. નિવેદનમાં જણાવાયું છે કે પરિસ્થિતિના સતત મૂલ્યાંકનના આધારે આગળના નિર્ણયો લેવામાં આવશે.



# ઈઝરાયેલ-હમાસ યુદ્ધ વધવાની ચિંતા વચ્ચે ઓઈલના ભાવમાં વધારો

નવી દિલ્હી, તા.૧

ઈઝરાયેલ-હમાસ યુદ્ધ તેલ-નિકાસ કરતા ક્ષેત્રમાં વ્યાપક સંઘર્ષમાં પરિણમી શકે છે અને સંભવિત પુરવઠામાં વિક્ષેપ પેદા કરી શકે છે તેના લીધે તાજેતરમાં તેલના ભાવમાં વધારો થયો હતો. બ્રેન્ટ ક્રૂડ ફ્યુચર્સ દ્વારા ૫૭ સેન્ટ્સ અથવા ૦.૬% વધીને બેરલ દીઠ $90.40 ઉપર પહોંચ્યું હતું, જ્યારે યુએસ વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ ક્રૂડ ફ્યુચર્સ ૫૪ સેન્ટ્સ અથવા ૦.૬% વધીને બેરલ દીઠ $86.03 થયું હતું. નોમુરા સિક્યોરિટીઝના અર્થશાસ્ત્રી યુકી તાકાશિમાએ જણાવ્યું હતું કે, છેલ્લા બે સત્રોમાં ઘટાડા પછી અને મધ્ય-પૂર્વમાં સંભવિત પુરવઠા વિક્ષેપના ભયને કારણે બજાર વધી રહી છે. દરમ્યાન બંને બેન્ચમાર્ક ૨% કરતા વધુ ઘટી ગયા હતા કારણ કે, વિશ્વના સૌથી મોટા તેલ-સપ્લાયિંગ ક્ષેત્ર, ઈઝરાયેલ અને હમાસ વચ્ચેના સંઘર્ષને સમાયોજિત કરવા માટે રાજદ્વારી પ્રયાસો થયા હતા, જેનાથી સપ્લાયમાં વિક્ષેપ અંગે રોકાણકારોની ચિંતાઓ હળવી થઈ હતી. હમાસે જણાવ્યું હતું કે, તેણે બે ઈઝરાયેલી મહિલાઓને મુક્ત કરી છે જેઓ દક્ષિણ ઈઝરાયેલમાં તેના ઓક્ટોબર, ૭ના રોજ થયેલા હુમલા દરમ્યાન ૨૦૦થી વધુ બંધકોમાંની હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે, યુ.એસ.એ ઈઝરાયલને ગાઝા પટ્ટીમાં જમીન ઉપર હુમલો અટકાવવાની સલાહ આપી હતી. પરંતુ ઈઝરાયેલે સોમવારે રાત્રે દક્ષિણ લેબેનોન ઉપર હવાઈ હુમલા શરૂ કર્યા પછી ગાઝા ઉપર બોમ્બમારો ચાલુ રાખ્યો હતો. ઈઝરાયેલ-હમાસની સ્થિતિને લીધે બજાર વિભાજિત રહે છે કે, શું સંઘર્ષ હળવો થશે કેમ અને હમાસ બંધકોને મુક્ત કરવાનું ચાલુ રાખશે અથવા આ યુદ્ધ ફરીથી ભડકશે. ઈઝરાયેલે ગાઝામાં સેંકડો લક્ષ્યોને નિશાન બનાવ્યા હતા. બજારોમાં એવી અપેક્ષા છે કે, WTI થોડા સમય માટે $80-$90ની રેન્જમાં આગળ વધશે, ઈઝરાયેલ અને ગાઝાની સ્થિતિ સાથે OPEC ઉત્પાદન અને ચીનમાં માંગ પુર્નઃ પ્રાપ્તિની ગતિ ઉપર નજર રાખવામાં આવી રહી છે. રોકાણકારો યુએસ ઈન્વેન્ટરી ઉપર પણ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યા છે. યુએસ ક્રૂડનો ભંડાર ગયા અઠવાડિયે વધવાની ધારણા હતી. ડિસ્ટિલેટ અને ગેસોલિન ઈન્વેન્ટરીઝમાં ઘટાડો થયો હતો


# રાજયમાં બેવડી ઋતુને કારણે બીમારીના કેસોમાં વધારો : શિયાળાના આગમનને હજુ ૧૫ દિવસ બાકી

### શિયાળુ પાકનું વહેલું વાવેતર નહીં કરવા ખેડૂતોને નિષ્ણાંતોની સલાહ

અમદાવાદ, તા.૧

ગુજરાતમાં ધીમા પગલે ઠંડીની શરૂઆત થઈ ગઈ છે. દિવસે ગરમી અને રાતે ઠંડી અનુભવાઈ રહી છે. રાજ્યમાં બેવડી ઋતુની અસર અનુભવાઈ રહી છે. જેના કારણે દર્દીઓની સંખ્યા વધી છે તાવ ઉધરસ, ખાંસી, શરદીના કેસમાં વધારો થયો છે રાજયના હવામાન વિભાગે અનુમાન કર્યુ કે, રાત્રે લઘુતમ તાપમાન ૨૦ થી ૨૨ ડિગ્રી આસપાસ રહેશે. આવતા સપ્તાહથી ઠંડીનું જોર વધશે. જોકે ખરી ઠંડી તો ડિસેમ્બર મહિનામાં પડશે. ઉત્તર ભારતીય પ્રદેશમાં હિમ વર્ષા બાદ ગુજરાતમાં ખરી ઠંડીનો અહેસાસ થવા લાગશે. હવામાન વિભાગના ડાયરેક્ટર ડો.મનોરમા મોહંતીએ જણાવ્યું કે, હાલ ગુજરાતમાં બેવડી ઋતુ અનુભવાઈ રહી છે. આ ટ્રન્ઝિટ પીરિયડ છે. આ ટ્રાન્ઝિસ્ટ મહિનો હોવાથી હાલ બેવડી ઋતુનો અનુભવ થઈ રહ્યો છે. પરંતું જલ્દી જ વાતાવરણમાં ઠંડીનો અહેસાસ થવા લાગશે. ગુજરાતમાં હજુ ૧૫ દિવસ મિશ્ર ઋતુ જોવા મળશે. પરંતુ શિયાળો હવે મોડો આવશે. શિયાળાના આગમનને હજી પંદર દિવસ રાહ જોવી પડશે. હવામાન વિભાગના એક્સપર્ટસના અનુસાર, હજુ ૧૫ દિવસ શિયાળાની રાહ જોવી પડશે. હજુ પંદર દિવસ મિશ્ર વાતાવરણ બની રહેશે. બપોરનાસમયે ગરમી જયારે વહેલી સવારે ઠંડીનો અહેસાસ થશે. આવા સમયે વાદળો પણ છવાશે. હાલ માવઠાની કોઈ શક્યતા દેખાતી નથી. આવામાં હવામાન વિભાગના એક્સપર્ટસ ખેડૂતોને સલાહ આપી રહ્યાં છે કે, સામાન્ય રીતે કેટલાક વિસ્તારોમાં શિયાળુ પાકનું વહેલુ વાવેતર કરવામાં આવતુ હોય છે. જે ન કરવું જોઈએ. યોગ્ય ઋતુ બેસે તે બાદ જ વાવેતર કરવુ યોગ્ય રહેશે. જેથી પાકનો ઉગાવો સારો આવે. આવુ કરવાથી પાકને નુકસાન પણ થતુ નથી. ગુજરાતની વાત કરીએ તો આ વર્ષે નલિયાનું તાપમાન ૭ ડિગ્રી સુધી રહેવાની શક્યતા છે. ફેબ્રુઆરીના અંત સુધી અને માર્ચના શરૂઆતમાં ગુલાબી ઠંડી રહેશે. એક પછી એક પશ્ચિમી વિક્ષેપ આવતા દેશના ઉત્તરીય પ્રદેશોમાં હવામાન કથળી જવાથી દિવાળી પહેલા સવારે ઠંડીનો અનુભવ થશે પણ તે શિયાળાની ઠંડી ગણી શકાય નહી. ૨૬ ઓક્ટોબરથી હવામાનમાં ફેરફાર થતા સવારે ઠંડક રહેશે. આ દિવસોમાં રોગિસ્ટ ઋતુનો પ્રભાવ ઘટશે અને સમૃદ્રમાં વરસાદ વધુ થશે.

# ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૧૮૦૦૦ રન પૂરા કરનાર રોહિત શર્મા ભારતનો પાંચમો બેટ્સમેન



લખનૌ, તા.૧

ભારતીય ક્રિકેટ ટીમનો કપ્તાન રોહિત શર્મા લખનૌના મેદાનમાં ઈંગ્લેન્ડ વિરૂદ્ધ ૪૭મો રન બનાવતા જ ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ૧૮૦૦૦ રન પૂરા કરી લીધા. આ સિદ્ધિ મેળવનારને ભારતનો ફક્ત પાંચમો બેટ્સમેન છે. જો સૌથી ઓછી ઈનિંગોમાં ૧૮ હજાર રન બનાવવાની વાત કરીએ તો લિસ્ટમાં વિરાટ કોહલી સૌથી ઉપર છે. જેણે ૩૮૨ ઈનિંગોમાં આ રેકોર્ડ બનાવ્યો છે. રોહિતે આ સિદ્ધિ ૪૭૭ ઈનિંગોમાં પ્રાપ્ત કરી છે. ૪૧૨ ઈનિંગ સાથે સચિન તેન્દુકર બીજા અને ૪૩૬ ઈનિંગ સાથે રાહુલ દ્રવિડ ત્રીજા સ્થાને છે. સૌરવ ગાંગુલી (૪૭૨) ચોથા સ્થાને છે. વિશ્વકપમાં હાઈએસ્ટ ૫૦થી વધુનો સ્કોર ઈચિન તેંન્ડુલકરે ૨૧ વાર બનાવ્યો છે. તેમણે ૪૪ ઈનિંગ રમી. બીજા સ્થાને રોહિત શર્મા છે. જેણે ૨૩ ઈનિંગમાં ૧૨ વખત ૫૦થી વધુ રન બનાવ્યા છે. વિરાટ કોહલીએ પણ ૧૨ વખત ૫૦થી વધુ રન બનાવ્યા છે પણ તેણે ૩૨ ઈનિંગો રમી છે. શાકીબુલ હસન અને કુમાર સંગાકારાએ પણ ૧૨-૧૨ વખત ૫૦થી વધુનો સ્કોર કર્યો છે. પણ તેના માટે ક્રમશઃ ૩૪ અને ૩૫ ઈનિંગ રમી છે. રોહિત શર્માએ વર્ષ ૨૦૨૩માં વન-ડે ફોર્મેટ દરમ્યાન પોતાના એક હજાર રન પણ પૂરા કરી લીધા છે. તે પાંચ વખત એક વર્ષમાં એક હજારથી વધુ રન બનાવવાની સિદ્ધિ મેળવી ચૂક્યો છે. આ લિસ્ટમાં કોહલી અને સચિન છે. જેઓ સાત વખત એક વર્ષમાં એક હજારથી વધુ રન બનાવી ચૂક્યા છે. સૌરવ ગાંગુલી ૬ વખત આવું કરી ચૂક્યા છે.

# ભારત ૨૦૩૦ સુધીમાં જાપાનને પાછળ છોડીને ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનશે : S&P ગ્લોબલ

નવી દિલ્હી, તા.૧

૨૦૨૧ અને ૨૦૨૨માં ઝડપી આર્થિક વૃદ્ધિના બે વર્ષ પછી ભારતીય અર્થતંત્રે ૨૦૨૩ કેલેન્ડર વર્ષ દરમ્યાન સતત મજબૂત વૃદ્ધિ દર્શાવવાનું ચાલુ રાખ્યું છે. S&P ગ્લોબલ માર્કેટ ઈન્ટેલિજન્સે તેના PMIના તાજેતરના અંકમાં જણાવ્યું હતું કે, ભારત આજે વિશ્વની પાંચમી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે, તે ૨૦૩૦ સુધીમાં USD 7.3 ટ્રિલિયનના GDP સાથે જાપાનને પાછળ છોડીને વિશ્વની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનવાની સંભાવના છે. ૨૦૨૧ અને ૨૦૨૨માં બે વર્ષની ઝડપી આર્થિક વૃદ્ધિ પછી ભારતીય અર્થતંત્રએ ૨૦૨૩ કેલેન્ડર વર્ષ દરમિયાન સતત મજબૂત વૃદ્ધિ દર્શાવવાનું ચાલુ રાખ્યું છે. ભારતનું ગ્રોસ ડોમેસ્ટિક પ્રોડક્ટ (GDP) માર્ચ ૨૦૨૪માં પૂરા થતાં નાણાકીય વર્ષમાં ૬.૨-૬.૩ ટકા વધવાની ધારણા છે. આ નાણાકીય વર્ષમાં સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થા છે. તે એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા છે. એપ્રિલ-જૂન ક્વાર્ટરમાં ૭.૮ ટકાની વૃદ્ધિ થઈ હતી. S&P ગ્લોબલે જણાવ્યું હતું કે, નજીકના ગાળાના આર્થિક દૃષ્ટિકોણ ૨૦૨૩ના બાકીના સમયગાળા દરમ્યાન ૨૦૨૪ માટે સતત ઝડપી વિસ્તરણ સ્થાનિક માંગમાં મજબૂત વૃદ્ધિને આધારે છે. છેલ્લા એક દાયકામાં ભારતમાં વિદેશી પ્રત્યક્ષ મૂડીરોકાણના પ્રવાહની ગતિ એ ભારતીય અર્થતંત્ર માટે અનુકૂળ લાંબાગાળાના વિકાસના દૃષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે. ભારતની નજીવી જીડીપી USDના સંદર્ભમાં માપવામાં આવે છે તે ૨૦૨૨માં USD 3.5 ટ્રિલિયનથી વધીને ૨૦૩૦ સુધીમાં USD 7.3 ટ્રિલિયન થવાની આગાહી છે. આર્થિક વિસ્તરણની આ ઝડપી ગતિના પરિણામે ૨૦૩૦ સુધીમાં ભારતીય GDPનું કદ જાપાનીઝ GDP કરતાં વધી જશે, જે ભારતને એશિયા-પેસિફિક ક્ષેત્રની બીજી સૌથી મોટી અર્થવ્યવસ્થા બનાવશે. ૨૦૨૨ સુધીમાં ભારતીય જીડીપીનું કદ યુકે અને ફ્રાન્સના જીડીપી કરતા પહેલાથી જ મોટું થઈ ગયું હતું. ૨૦૩૦ સુધીમાં ભારતનો જીડીપી જર્મનીને પણ પાછળ છોડી દેશે તેવી આગાહી છે. હાલમાં USD 25.5 ટ્રિલિયનના GDP સાથે યુએસ વિશ્વનું સૌથી મોટું અર્થતંત્ર છે.

### ઈપ્સોસ ગ્લોબલ ટ્રસ્ટવર્દીનેસ ઈન્ડેક્સ-૨ ૩નો ડેટા જાહેર

# દેશમાં સૌથી વધુ ભરોસાપાત્ર શિક્ષકો, લશ્કરના જવાનો બીજા ક્રમે



નવી દિલ્હી, તા.૧

ઈપ્સોસ ગ્લોબલ ટ્રસ્ટવર્દીનેસ ઈન્ડેક્સ ૨૦૨૩ નો ડેટા જાહેર થયો. આ ડેટા અનુસાર ભારતમાં ટીચર સૌથી વધુ ભરોસાપાત્ર છે. જયારે પૂરી દુનિયામાં ડોકટરને સૌથી વધુ ભરોસાપાત્ર જણાવ્યા હતા. દેશમાં શિક્ષકો બાદ આર્મી ફોર્સના જવાન અને ત્રીજા નંબરે ડોકટરનો સમાવેશ થાય છે. અ સિવાય ભારતીયોને જજ અને વૈજ્ઞાનિકો પર ખુબ ઓછો ભરોસો છે. ભારત સહીતના ૩૧ દેશોમાં ૨૨,૮૧૬ લોકોના સેમ્પલના આધારે આ ડેટા તૈયાર કરવામાં આવ્યો છે. ભારતના શિક્ષકો પર ૫૩%, સશસ્ત્ર બળ પર ૫૨%, ડોક્ટર પર ૫૧% લોકોએ ભરોસો બતવ્યો હતો. આ સિવાય વૈજ્ઞાનિક પર ૪૯%, જજ પર ૪૬%, સામાન્ય પુરુષ અને મહિલાઓ પર ૪૬% અને બેંકર પર ૪૫% લોકોએ ભરોસો બતાવ્યો હતો. તેમજ વૈશ્વિક લેવલ પર લોકોએ ડોકટર પર ૫૮%, વૈજ્ઞાનિકો પર ૪૫%, શિક્ષકો પર ૫૩% અને સશસ્ત્ર બળ પર સૌથી વધુ ભરોસો નોંધાયો હતો. ગ્લોબલ માર્કેટ રિસર્ચર, ઈપ્સોસ ઈન્ડિયાના સીઈઓ અમિત અદાકારે કહ્યું કે ભારતના લોકો શિક્ષકો, સશસ્ત્ર બળના સભ્યો અને ડોકટર પર સૌથી વધુ ભરોસો કરે છે. આ બધા પ્રોફેશન સમર્પણ અને સેવા સાથે જોડાયેલા છે. જે આપના સમાજના મહત્વપૂર્ણ અંગ છે અને સમાજનો પાયો છે. તેમને એમ પણ કહ્યું કે કોરોના સમયે જયારે દેશમાં લોકડાઉન હતું, ત્યારે આ ત્રણેય પ્રોફેશને દેશમાં સેવા કરવાનું ચાલુ રાખ્યું હતું. જાપાન અને સાઉથ કોરિયા સિવાય પૂરી દુનિયામાં શિક્ષકો પર લોકોની વિશ્વસનીયતા જોવા મળી. આ સિવાય ભારતમાં કેબીનેટ મંત્રી અને સરકારી અધિકારીઓ પર ૩૯%, રાજનેતાઓ પર ૩૮%, પાદરી અને પુજારી પર ૩૪%, પોલીસ પર ૩૩%, સિવિલ સેવકો પર ૩૨%, વકીલો પર ૩૨%, પત્રકારો પર ૩૦% ભારતીયોએ ભરોસો બતાવ્યો હતો. આ મામલે જો વૈશ્વિક સ્તરે લોકો વિશે વાત કરીએ તો ૬૦% લોકો રાજકારણીઓને સૌથી અવિશ્વાસુ માનતા હતા. આ પછી ૫૩% લોકોએ કેબિનેટ મંત્રી અથવા સરકારી અધિકારી પર વિશ્વાસ વ્યક્ત કર્યો હતા. આ અંગે અદારકરે જણાવ્યું હતું કે ભારતીય રાજનીતિ અને સરકારી વિભાગોની કામગીરીમાં ઘણી પારદર્શિતા હોવા છતાં પણ નાગરિકોને તેમનામાં અવિશ્વાસ છે. આ ક્ષેત્ર સાથે જોડાયેલા લોકોની છબી શરૂઆતથી જ સારી રહી નથી. સમયાંતરે ભ્રષ્ટાચારના કેટલાક મામલા પ્રકાશમાં આવતાં તેમની છબી કલંકિત થઈ છે.

ભારતમાં કોઈપણ વ્યવસાય સાથે સંકળાયેલા લોકો પર કેટલો વિશ્વાસ છે?

શિક્ષક- ૫૩%
સશસ્ત્ર દળો - ૫૨%
ડોક્ટર- ૫૧%
વૈજ્ઞાનિકો - ૪૯%
જજ- ૪૬%
સ્ત્રીઓ- ૪૬%
બેંકર - ૪૫%

આખી દુનિયામાં ડોક્ટરો પછી વૈજ્ઞાનિકો પર ભરોસો કરવામાં આવે છે

ડોક્ટર- ૫૮%
વૈજ્ઞાનિકો - ૫૭%
શિક્ષક- ૫૩%
સશસ્ત્ર દળો - ૫૩%

# હવે ભારતને વેનેઝુએલા પાસેથી સસ્તી કિમતમાં ક્રુડ મળશે

નવીદિલ્હી,તા. ૧: S&P ગ્લોબલ કોમોડિટી ઈનસાઈટ્સના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે, યુએસએ લેટિન અમેરિકન દેશમાંથી ઓઈલ પરના પ્રતિબંધો હળવા કર્યા બાદ ભારતીય રિફાઈનર્સ વેનેઝુએલામાંથી ડિસ્કાઉન્ટ દરે ક્રૂડ ઓઈલની આયાત કરે તેવી શકયતા છે. કોકર કોમ્પ્લેક્સ તાજેતરમાં સંપૂર્ણ ક્ષમતા અથવા તો વધુ ક્ષમતા પર કાર્યરત છે, મુખ્યત્વે સસ્તા ઉચ્ચ સલ્ફર રશિયન યુરલ ક્રૂડની વધેલી પ્રક્રિયાને કારણે. આ પરિસ્થિતિએ વેનેઝુએલાના ગ્રેડ માટે મર્યાદિત જગ્યા છોડી દીધી છે, તેમ S&P ગ્લોબલના રિફાઈનરી અર્થશાષાના વિશ્લેષક સુમિત રિટોલિયાએ જણાવ?યું હતું.. અહેવાલમાં જણાવાયું છે કે આગામી છ મહિનામાં વેનેઝુએલાની તેલ ઉત્પાદન ક્ષમતામાં થોડો ફેરફાર અપેક્ષિત છે કારણ કે તેની સરકારી ઓઈલ કંપની PDVSA પાસે મૂડીથી ઓછી રોકાણની મૂડી નથી અને મોટાભાગની તેલ સંબંધિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર સમારકામની નબળી સ્થિતિમાં છે. વેનેઝુએલાની વર્તમાન ક્ષમતા ૮૦૦,૦૦૦ અને ૮૫૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ (bpd) ની વચ્ચે છે અને ઉત્પાદન લગભગ ૭૫૦,૦૦૦ બેરલ પ્રતિ દિવસ છે.. આ મહિનાની શરૂઆતમાં, યુ.એસ.એ વેનેઝુએલા પરના પ્રતિબંધો હળવા કર્યા પછી તેની સરકાર અને વિપક્ષ આંતરરાષ્ટ્રીય નિરીક્ષકો દ્વારા આગામી વર્ષની ચૂંટણીનું નિરીક્ષણ કરવા સંમત થયા હતા.

# ભારત આયરન ડૉમ બનાવવાની યોજના ઉપર કામ કરી રહ્યું છે

## દેશના અનેક મહત્ત્વપૂર્ણ સ્થળોએ વર્ષ ૨૦૨૮-૨૯ સુધીમાં દેશી આયરન ડૉમ સિસ્ટમ તહેનાત કરાશે, ભારતે સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા કમર કસી

નવી દિલ્હી, તા.૧

ઈઝરાયલ અને હમાસ વચ્ચે જારી યુદ્ધ દરમિયાન ભારતે પણ હવે તેની સુરક્ષા વ્યવસ્થા મજબૂત કરવા કમર કસી લીધી છે. એવા અહેવાલ મળી રહ્યા છે કે ભારત પણ હવે તેની પોતાની આયરન ડૉમ બનાવવાની યોજના ઘડી રહ્યું છે. એવી શક્યતાઓ છે કે દેશના અનેક મહત્ત્વપૂર્ણ સ્થળોએ ૨૦૨૮-૨૯ સુધીમાં દેશી આયરન ડૉમ સિસ્ટમ તહેનાત કરાશે જે લડાકૂ વિમાનો, ડ્રોન અને મિસાઈલ જેવા હુમલાથી દેશની સુરક્ષા કરશે. જોકે હજુ આ મામલે સૈન્ય કે સંરક્ષણ મંત્રાલય તરફથી કોઈ



સત્તાવાર નિવેદન આપવામાં આવ્યું નથી. યુદ્ધ વચ્ચે ઈઝરાયલની આયરન ડૉમ સિસ્ટમ ભારે ચર્ચામાં છે. ખરેખર આ એક બેટરીની સિરીઝ છે જે રડારની મદદથી શોર્ટ રેન્જ રોકેટ્સને શોધી કાઢે છે અને તેને ખતમ કરી નાખે છે. અમેરિકી ડિફેન્સ કંપની રેથિયોને કહ્યું કે દરેક બેટરીમાં ૩ કે ૪ લોન્ચર, ૨૦ મિસાઈલ, એક રડાર સામેલ હોય છે.

જેવી જ રીતે રડારને રોકેટની જાણકારી મળે છે તો સિસ્ટમ માહિતી એકઠી કરે છે કે રોકેટ કોઈ વસતી તરફ જઈ રહ્યું છે કે નહીં. જો એવું હોય તો આ સિસ્ટમ મિસાઈલ લોન્ચ કરે છે અને રોકેટને હવામાં જ નષ્ટ કરી દે છે. એક અહેવાલ અનુસાર સૂત્રોએ દાવો કર્યો હતો કે 'પ્રોજેક્ટ કુશા' હેઠળ ડીઆરડીઓનવા એલઆર-એસએએમ સિસ્ટમ એટલે કે લોન્ગ રેન્જ સર્ફેસ ટુ એર મિસાઈલ બનાવી રહ્યું છે. માહિતી અનુસાર લોન્ગ રેન્જ સર્વેલાન્સ અને ફાયર કન્ટ્રોલ રડાર્સવાળા મોબાઈલ એલઆર-એસએએમમાં અલગ અલગ પ્રકારની ઈન્ટરસેપ્ટર મિસાઈલો પણ હશે જે ૧૫૦ કિ.મી., ૨૫૦ કિ.મી. અને ૩૫૦ કિ.મી.ન. રેન્જ સુધીના શત્રુઓને હવામાં નિશાન બનાવી શકે છે.

# વર્લ્ડ કપમાં ૫૯ વિજય સાથે ભારત સૌથી વધુ વિજય મેળવવામાં બીજા ક્રમે

નવી દિલ્હી, તા.૧

ભારત અને ઈંગ્લેન્ડ વચ્ચે ગઈકાલે વન-ડેવર્લ્ડ કપ ૨૦૨૩માં રમાયેલી મેચમાં ભારતે ઈંગ્લેન્ડને ૧૦૦ રનથી હરાવ્યું હતું. ભારતે અત્યાર સુધી વન-ડેવર્લ્ડ કપ ૨૦૨૩માં કુલ ૬ મેચ રમી છે અને તમામ ૬ મેચમાં જીત મેળવી છે. આ જીત સાથે જ ભારત પોઈન્ટ્સ ટેબલ પર ટોપ પર આવી ગયું છે. પોઈન્ટ્સ ટેબલ પર પ્રથમ સ્થાન મેળવવાની સાથે ભારતે એક વર્લ્ડ કપના ઈતિહાસમાં એક નવો રેકોર્ડ પણ પોતાના નામે કર્યો છે. ભારતે ઈંગ્લેન્ડને ૧૦૦રનથી હરાવ્યા બાદ તે વર્લ્ડ કપના ઈતિહાસમાં સૌથી વધુ મેચ જીતનાર બીજી ટીમ બની ગઈ છે. ભારતે ન્યુઝીલેન્ડને પાછળ છોડી દીધું છે. ભારતે વર્લ્ડ કપમાં કુલ ૫૯ મેચ જીતી છે. ઓસ્ટ્રેલિયા વર્લ્ડ કપમાં સૌથી વધુ મેચ જીતનાર ટીમની લીસ્ટમાં પહેલા નંબરે છે. ઓસ્ટ્રેલિયાની ટીમે વર્લ્ડ કપની ૭૩ મેચ જીતી છે. ત્યારબાદ આ લીસ્ટમાં ભારતનું નામ છે જેણે ૫૯ મેચ જીતી છે. જયારે ન્યુઝીલેન્ડે ૫૮ વર્લ્ડ કપમેચ જીતી છે. ભારત સામે મેચ હાર્યા બાદ ઈંગ્લેન્ડની ટીમે પણ એક નવો રેકોર્ડ બનાવ્યો હતો.ભારતે ઈંગ્લેન્ડને આસાનીથી ૧૦૦ રને હરાવ્યુંઓસ્ટ્રેલિયા વર્લ્ડ કપમાં સૌથી વધુ મેચ જીતનાર ટીમના લીસ્ટમાં ૭૩ વિજય સાથે હાલમાં પહેલા નંબરે છે ઈંગ્લેન્ડની ટીમ વર્લ્ડ કપના ઈતિહાસમાં પહેલીવાર સતત ચાર મેચ હારી છે. આ પહેલા રમાયેલ વર્લ્ડ કપટુર્નામેન્ટમાં અત્યાર સુધી ઈંગ્લેન્ડ સાથે આવું ક્યારેય થયું નથી. ઈંગ્લેન્ડ હવે સેમિફાઈનલની રેસમાંથી લગભગ બહાર થઈ ચુક્યું છે. ઈંગ્લેન્ડની આગામી ત્રણ મેચ અનુક્રમે ઓસ્ટ્રેલિયા, નેધરલેન્ડ્સ અને પાકિસ્તાન સામે છે.

### લોકસભા-વિધાનસભા ચૂંટણી સંદર્ભે માર્ગદર્શિકા

# રાજકીય પક્ષોના સમર્થનમાં ઘર પર ઝંડો લગાવનારા સામે કાર્યવાહી થશે

નવી દિલ્હી, તા.૧

આ વખતે ચૂંટણીપંચે ચૂંટણી દરમિયાન ખાસ કરીને લોકસભા અને વિધાનસભાની ચૂંટણી દરમિયાન પોતાના ઘરે રાજકીય પક્ષોના ઝંડા લગાવીને ખુલ્લેઆમ સમર્થન વ્યક્ત કરનારા સમર્થકો સામે કડક કાર્યવાહી કરી શકે છે. હવે આવા લોકો ચૂંટણી પંચની પરવાનગી વગર પોતાના ઘર કે કોઈ બિલ્ડિંગ પર કોઈપણ રાજકીય પક્ષનો ઝંડો લગાવી શકશે નહીં. હવે રાજકીય પક્ષોને ખુલ્લેઆમ સમર્થન કરવા માગતા લોકોએ જિલ્લા ચૂંટણી વિભાગની પરવાનગી લેવી પડશે. જો કોઈ પરવાનગી વગર પોતાના ઘરે કોઈપણ પાર્ટીના ઝંડા લટકાવશે તો ચૂંટણી વિભાગ તેમની સામે કડક કાર્યવાહી કરશે. રાજસ્થાનની વાત કરીએ તો બિકાનેરમાં આ વખતે સોશિયલ મીડિયા પર ભલે વધારે પડતો પ્રચાર થઈ રહ્યો હોય પણ ન તો અહીંના કોઈ વિસ્તારોમાં પાર્ટીઓના ઝંડા અને બેનરો દેખાઈ રહ્યા નથી. અગાઉની ચૂંટણીઓમાં ઘરો પર પાર્ટીના ઝંડા જોવા મળતા હતા. ઘણી વખત ચૂંટણીનો માહોલ ઉભો કરવા માટે ઝંડા લગાવવામાં આવતા હતા, પરંતુ આ વખતે તેવો માહોલ સર્જાય તેમ લાગતું નથી. જે વિધાનસભા મતવિસ્તારોમાં પક્ષના ઉમેદવારો જાહેર કરી દેવાયા છે ત્યાં પણ લોકો હવે તેમના પ્રતિષ્ઠાનો અને મકાન પર પાર્ટીનો ઝંડો લગાવતા ડરી રહ્યા છે. લોકો ચૂંટણી પંચની



પરવાનગી વગર ઘર કે કોઈ બિલ્ડિંગ પર કોઈપણ રાજકીય પક્ષનો ઝંડો લગાવી શકશે નહીં ચૂંટણી પંચે ખાનગી ઈમારત કે મકાન પર રાજકીય પક્ષનો ધ્વજ ફરકાવતા પહેલા બિલ્ડિંગ માલિકની લેખિત પરવાનગી લેવાની શરત પણ મૂકી છે. જેમાં માલિકની પરવાનગી બાદ બેનર અને ઝંડાની કિંમત સહિતની સંપૂર્ણ વિગતો ત્રણ દિવસમાં રિટર્નિંગ ઓફિસરને આપવાની રહેશે. રાજકીય પક્ષોના ઝંડા ઓછા લગાવવાનું એક કારણ સોશિયલ મીડિયા પણ છે. લોકો તેમના સોશિયલ મીડિયા એકાઉન્ટનો ઉપયોગ પાર્ટીને સમર્થન બતાવવા માટે કરી લે છે.

# મંગળ માટે નાસાના હેલિકોપ્ટરની ડિઝાઈન ભારતીય મૂળના વૈજ્ઞાનિકે કરી

વોશિંગ્ટન, તા. ૧

અમેરિકાની સ્પેસ એજન્સી નાસા હવે ફરી એકવાર મંગળ પર હેલિકોપ્ટર ઉડાડવા જઈ રહી છે. અન્ય ગ્રહ પર ઉડાન ભરનારા આ હેલિકોપ્ટરનું વજન ૧.૮ કિલો હશે. નાસાએ તેનું નામ ઈન્જેનિટી રાખ્યું છે, જેને ગિન્ની ઉપનામેપણ બોલાવાય છે. આ પ્રોજેક્ટ નાસાના પ્રિઝર્વેશન રોવરનો એક ભાગ છે, જે ૨૦૨૦માં લોન્ચ કરવામાં આવ્યો હતો. મંગળ પર રોવર હજુ પણ સક્રિય છે. રિપોર્ટ અનુસાર ભારતીય મૂળના અમેરિકન વૈજ્ઞાનિક ડૉ.જે.બોબ બલરામે (ઈન્જેનિટીને ડિઝાઈન કર્યું છે. નાસા કહે છે કે ઈન્જેનિટી એ ટેકનોલોજીનો એક ચમત્કાર છે. તે અલ્ટ્રા-લાઈટ વેઈટ કાર્બન ફાઈબરથી બનેલું છે અને માત્ર અડધો મીટર લાંબું છે. ઈન્જેનિટીને ૨૪૦૦ અને ૨૯૦૦ આરપીએમપર ફરતી બ્લેડનીમદદથી ઉડાન ભરી શકે છે. આ પૃથ્વી પરના કોઈપણ હેલિકોપ્ટર કરતા લગભગ ૧૦ ગણું ઝડપી હશે. અહેવાલ અનુસાર ઈન્જેનિટીએ ૧૯ એપ્રિલ, ૨૦૨૧ના રોજ તેની પ્રથમ ઉડાન ભરી હતી. આ દરમિયાન હેલિકોપ્ટરે જમીનથી લગભગ ત્રણ મીટર ઉપર ઉડાન ભરી અને થોડીવાર હવામાં ફરીને એક રાઉન્ડ પૂરો કર્યો હતો. મંગળના અત્યંત પાતળા વાતાવરણમાં નિયંત્રિત ઉડાન હાંસલ કરવી એ એક મુખ્ય સીમાચિહ્નરૂપ હતું. તે પૃથ્વીની બહાર વિશ્વની પ્રથમ ઉડાન પણ હતી. અત્યાર સુધીમાં તેણે મંગળના પાતળા વાતાવરણમાં ૬૪ ઉડાન ભરી છે.

ડો. જે. બોબ બલરામ હાલમાં નાસાની જેટ પ્રોપલ્શન લેબોરેટરી (જેપીએલ) માં કામ કરે છે. બલરામે આઈઆઈટી, મદ્રાસમાંથી મિકેનિકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કર્યો છે. ડૉ.બલરામ કહે છે કે તેઓ ટૂંક સમયમાં નાસામાંથી નિવૃત્ત થવાના છે. હવે તે ભારતીય વિદ્યાર્થીઓને મદદ કરવા માંગે છે. તેમણે કહ્યું કે આઈઆઈટી મદ્રાસમાં તેમની પ્રેક્ટિકલ તાલીમે ઈન્જેનિટી ફલાઈટની સફળતામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. નાસા હવે ફરી એકવાર મંગળ પર હેલિકોપ્ટર ઉડાડશે, વૈજ્ઞાનિક ડૉ.જે.બોબ બલરામે ઈન્જેનિટીને ડિઝાઈન કર્યું તેમણે કહ્યું કે તેમના જેવા સેંકડો વિદ્યાર્થીઓ છે, જે આગળ વધી શકે છે અને ભારતને ગૌરવ અપાવી શકે છે.

# સસ્તા ભાવ સાંભળીને લસણ ખરીદતા પહેલા વિચારજો

નવીદિલ્હી,તા.૧

બદલાતા સમય સાથે અનેક વસ્તુઓમાં ભેળસેળ ચાલી રહી છે, તો પછી ખાદ્યપદાર્થો કેવી રીતે પાછળ રહી શકે છે. લોકોનું ધ્યાન આકર્ષિત કરવા માટે, આજે બજારમાં ઘણા પ્રકારના સ્કેમ જોવા મળી રહ્યા છે, જેના દ્વારા નકલી વસ્તુઓ તૈયાર કરીને લોકોને મૂર્ખ બનાવવામાં આવી રહ્યા છે. ઘણી વખત, ખુબ સારા પ્રયાસો પછી પણ, ઓરિજિનલ અને નકલી વચ્ચે તફાવત કરવો મુશ્કેલ બની જાય છે.. ઉલ્લેખનમીય છે કે, નકલી સામાન બનાવવામાં ચીનની કોઈ સ્પર્ધા કરી શકે નહીં. જો આપણે જોઈએ તો, ચીને રોજીંદી વપરાશની વસ્તુઓથી લઈને ખાદ્યપદાર્થો સુધીની વસ્તુઓમાં ભેળસેળ કરીને નકલી વસ્તુઓ બનાવવાની કળામાં નિપુણતા મેળવી છે. હાલમાં જ વાયરલ થયેલા આ વીડિયોને જોઈને તમે આનો અંદાજ મેળવી શકો છો, જેમાં એક વ્યક્તિ શાકભાજીની દુકાનમાં વેચાતા ચાઈનાથી આવતા નકલી લસણ વિશે લોકોને જાગૃત કરતા જોવા મળે છે.. નકલી લસણની રીત પણ જાણવા જેવી.. જે વિષે જણાવીએ, જો જોવામાં આવે તો બજારમાં વેચાતું આ નકલી લસણ ભારતના ઘણા ઘરોમાં રોજેરોજ ખવાઈ રહ્યું છે, જેના વિશે હજુ પણ ઘણા લોકો અજાણ છે. દેખાવમાં આ સુંદર સફેદ લસણને ઓળખવું એટલું મુશ્કેલ નથી. જો તમે જાણશો કે, આ લસણની ખેતી કેવી રીતે થાય છે, તો ચોક્કસ તમે પણ પ્રભાવિત થઈ જશો. વીડિયોમાં એક વ્યક્તિ આ નકલી લસણ વિશે કહી રહ્યો છે કે, લસણ એવી રીતે બનાવવામાં આવે છે કે તમે કંઈપણ વિચાર્યા વિના તરત જ તેને ખરીદી લો. આ લસણની છાલ ઉતારવી ખૂબ જ સરળ છે.



વાત વાતમાં મારો વિરોધ કરો છો તે હું કોઈ તમારા વિરોધ પક્ષની સભ્યો નથી !



દિવાળીની ખરીદી અને ઉજવણી માટે લોન મળતી હોય તો ?

# મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની રાષ્ટ્રીય એકતા દિવસ નિમિત્તે સરદાર પટેલ રાષ્ટ્ર ચેતના મહાસંમેલનમાં ઉપસ્થિત રહ્યા





## વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા મહાસંમેલન આયોજન થકી 'સરદાર પટેલ જયંતિ'ની સાર્થક ઉજવણી
## આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલ અને શિક્ષણ રાજ્યમંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયાની પ્રેરક ઉપસ્થિતિ

ગાંધીનગર તા.૧

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ 'રાષ્ટ્રીય એકતા દિવસ' નિમિત્તે અમદાવાદ ખાતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા આયોજિત સરદાર પટેલ રાષ્ટ્ર ચેતના મહાસંમેલનમાં ઉપસ્થિત રહ્યા હતા. આરોગ્ય મંત્રી અને અમદાવાદના પ્રભારી મંત્રી ઋષિકેશ પટેલ અને શિક્ષણ રાજયમંત્રી પ્રફુલ્લભાઈ પાનસેરિયા પણ આ મહાસંમેલનમાં ઉપસ્થિત રહ્યાં હતાં. મુખ્યમંત્રી અને ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે રાજવી પરિવારના વંશજોનું સન્માન કરવામાં આવ્યું હતું. સરદાર પટેલ રાષ્ટ્ર ચેતના મહાસંમેલનમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના ઉદબોધનમાં જણાવ્યું કે, અખંડ ભારતના શિલ્પી અને લોહપુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૯મી જન્મજયંતી આપણે ઉજવી રહ્યા છીએ. સરદાર વલ્લભભાઈ પટેલે એક અને અખંડ ભારતનું નિર્માણ કરેલું. આજે ગુજરાતના પનોતા પુત્ર અને આપણા યશસ્વી વડાપ્રધાન એક ભારત, શ્રેષ્ઠ ભારતનું સ્વપ્ન સાકાર કરવાની દિશામાં સતત પ્રયત્નશીલ છે. અખંડ ભારતના નિર્માણમાં રજવાડાઓના રાજવીઓના યોગદાન વિશે વાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સ્વતંત્રતા બાદ દેશની એકતા અને અખંડિતતા માટે સરદાર વલ્લભભાઈ પટેલે રજવાડાઓના વિલીનીકરણની મુહિમ ચલાવેલી. દેશના રાજવીઓએ પોતાના રજવાડાંઓ, પોતાની સત્તા અને મિલકતને દેશને સમર્પિત કરીને ઉદારતા, દેશભક્તિ, રાષ્ટ્રચેતના અને ત્યાગનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પૂરું પાડેલું. આવા રાજવીઓના વંશજના સન્માનનો આ કાર્યક્રમ માનનીય વડાપ્રધાનના વિકાસથી વિરાસતના સંકલ્પને પરિપૂર્ણ કરવા તરફ પ્રતિબદ્ધતા દર્શાવે છે એમ તેમણે ઉમેર્યું હતું. વધુમાં વાત કરતાં મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગુજરાતના રજવાડાઓના અને રાજવીઓના ઈતિહાસને અમર રાખવાના ધ્યેય સાથે માનનીય વડાપ્રધાનના માર્ગદર્શનમાં એકતાનગર ખાતે એક અનોખું મ્યુઝિયમ બનાવવામાં આવનાર છે. અનેક ક્રાંતિકારીઓ અને વીર સપૂતોના બલિદાન થકી મળેલા સ્વરાજને સુરાજ્ય બનાવવાની સંકલ્પના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહના નેતૃત્વમાં દરેક નાગરિકમાં નેશન ફર્સ્ટ અને રાષ્ટ્ર ચેતનાનો ભાવ જગાડીને સાકાર કરવામાં આવી રહી છે. જ્ઞાતિ - જાતિ, ધર્મ - સંપ્રદાય, ઉંચનીચના ભેદભાવ મિટાવી દઈને સૌના સાથ, સૌના વિકાસના ધ્યેયમંત્ર સાથે વિકાસની રાજનીતિ માનનીય વડાપ્રધાનએ વિકસાવી છે. સરદાર પટેલ જયંતિની 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવણી વિશે વાત કરતા મુખ્યમંત્રીએ જણાવ્યું કે, સૌ દેશવાસીઓમાં સાથે મળીને, એક બનીને , નેક બનીને રાષ્ટ્રનિર્માણમાં જોડાવાની ચેતના સરદાર પટેલ સાહેબે જગાવેલી, જેના ભાગરૂપે તેમની જન્મજયંતીને આપણે એકતા દિવસ તરીકે ઉજવીએ છીએ. આ દિવસે આપણે સૌ સાથે મળીને દેશની એકતા અને અખંડિતતાના સામૂહિક શપથ લઈને સરદાર પટેલ સાહેબના વિચારો અને વ્યક્તિત્વને વંદન કરીએ છીએ એમ તેમણે ઉમેર્યું હતું તથા યુવાઓમાં રાષ્ટ્ર ચેતના જગાવતા આવા મહાસંમેલનના આયોજન બદલ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનને શુભકામનાઓ પણ પાઠવી હતી. વધુમાં વાત કરતાં મુખ્યમંત્રીએ કહ્યું કે, આજે રાષ્ટ્રીય એકતા દિવસ નિમિતે દિલ્હીમાં કર્તવ્યપથ પર અમૃત કળશ યાત્રાઓને આવકારીને 'મારી માટી, મારો દેશ' અભિયાનના સમાપનનો ભવ્ય કાર્યક્રમ યોજવા જઈ રહ્યો છે. આ તકે યુવાઓ માટે મેરા યુવા ભારત સંગઠનની પણ જાહેરાત કરવામાં આવનાર છે. આવા કાર્યક્રમો દેશના યુવાઓમાં રાષ્ટ્ર ચેતના જગાવવાનું મહત્વનું કાર્ય કરે છે એમ તેમણે ઉમેર્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, રાષ્ટ્રીય એકતા દિવસ અને સરદાર પટેલ જયંતિ નિમિતે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન દ્વારા મહાસંમેલનના આયોજન થકી 'સરદાર પટેલ જયંતિ' ની સાર્થક ઉજવણી કરવામાં આવી હતી. આ મહાસંમેલનમાં જેમાં ગુજરાત સહિત દેશભરમાંથી રાજવી પરિવારના વંશજો સહભાગી થયા હતા. આ પ્રસંગે આધ્યાત્મિક ચેતનાથી રાષ્ટ્ર ચેતનાના ધ્યેય સૂત્ર સાથે યોજાયેલી રેલીમાં ૧૦,૦૦૦ જેટલી કાર જોડાઈ હતી, જેણે ગોલ્ડન બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડમાં સ્થાન મેળવ્યું છે. આ પ્રસંગે યોજાયેલા સરદાર પટેલ ગૌરવગાથા કાર્યક્રમમાં અખંડ ભારતના શિલ્પી એવા સરદાર વલ્લભભાઈ પટેલના જીવનના અનેક પ્રસંગો અને અજાણી વાતો રજૂ કરવામાં આવ્યા હતા. વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના ઉમા સૃષ્ટિ મેગેઝિનના સરદાર પટેલ વિશેષાંકનું પણ આ પ્રસંગે વિમોચન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે મુખ્યમંત્રી ના હસ્તે IAS ટ્રેનીંગ સેન્ટરનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યું હતું. સંસ્થા દ્વારા યોજાનારા ઓલમ્પિયાડ રમત મહોત્સવનું પ્રિ-લોન્ચિંગ પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે રાજયસભા સાંસદ અને વાંકાનેરના રાજવી વંશજ મહારાણા રાજસાહેબ કેસરીદેવસિંહજીએ જણાવ્યું કે, દેશ આઝાદ થયો ત્યારે એક શાસન અને એક સરહદના અનેક વિકટ પ્રશ્નો વચ્ચે સરદાર પટેલે ૫૬૨ રજવાડાંઓને એકસાથે લાવીને અખંડ ભારતનું નિર્માણ કરવામાં પ્રમુખ યોગદાન આપેલું. એટલે જ, સરદાર વલ્લભભાઈ પટેલ સાહેબની જન્મજયંતી આપણે 'રાષ્ટ્રીય એકતા દિવસ' તરીકે ઉજવીએ છીએ. રાષ્ટ્રનિર્માણ માટે રજવાડાંઓએ આપેલ ત્યાગ અને દેશપ્રેમની ભાવનાને મૂલવવાનો અને સન્માન કરવાનો આ મહાસંમેલન કાર્યક્રમ પ્રસંશનીય છે. આ પ્રસંગે મહારાણા પ્રતાપના વંશજ એવા મહારાજ કુમાર સાહેબ ડો. લક્ષ્યરાજ સિંહજીએ જણાવ્યું કે, સરદાર પટેલ અને ગાંધીજીની આ ભૂમિ પર રાજવી પરિવારના વંશજોના સન્માનનો આ અનોખો કાર્યક્રમ સામાજિક સમરસતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. દેશની આઝાદીમાં અને આઝાદી બાદ અખંડ ભારતના નિર્માણમાં અનેક રાજવી પરિવારો અને વીર રાજાઓનું મહામૂલું યોગદાન રહેલું છે. આજે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રિય ગૃહ મંત્રી અમિતભાઈ શાહના કર્મઠ નેતૃત્વમાં આજે વૈશ્વિક સ્તરે ભારતની નોંધ લેવાય છે, દેશનું સન્માન અને કદ વિશ્વભરમાં અનેકગણું વધ્યું છે. આ પ્રસંગે વિશ્વ ઉમિયા ફાઉન્ડેશનના પ્રમુખ આર. પી. પટેલે સ્વાગત પ્રવચન કરતાં જણાવ્યું કે, અખંડ ભારતના નિર્માણમાં મહત્વનો ભાગ ભજવનારા ૫૧ જેટલાં રાજા-રાજવીઓના પરિવારોના વંશજોએ આજે આ મહાસંમેલનમાં ઉત્સાહભેર સહભાગી થઈને આગવી સામાજિક સમરસતાનું ઉદાહણ પૂરું પાડ્યું છે. અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલના ધૈર્ય, સાહસ, ત્યાગ, સમર્પણ, દ્રઢ મનોબળ અને આગવી કોઠાસૂઝ જેવા ગુણો આજના યુવાઓમાં જગાડીને યુવાનોમાં રાષ્ટ્ર ચેતના જગાડવાનો આ કાર્યક્રમનો ઉદ્દેશ છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, કેન્દ્રિય ગૃહ મંત્રી અમિતભાઈ શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર ભાઈ પટેલના માર્ગદર્શન અને કુશળ નેતૃત્વમાં આજે રાજ્ય અને દેશના સૌ સમાજ એકસાથે આવીને આધ્યાત્મિક ચેતના થકી રાષ્ટ્રચેતના જગાવીને રાષ્ટ્રનિર્માણમાં સહભાગી થઈ રહ્યાં છે અને પોતાનું ઉત્કૃષ્ટ યોગદાન આપી રહ્યાં છે એમ તેમણે ઉમેર્યું હતું.

# ભેસાણ શહેરના મુખ્ય ડામર માર્ગોને આર એન્ડ બી વિભાગ દ્વારા સાફ કરવામાં આવ્યા





(રેનિશ મહેતા દ્વારા)

ભેસાણ તા.૧

ભેસાણ શહેરના જીનપ્લોટ વિસ્તારના એસ.ટી. મેઈન રોડ અને પરબ રોડ ઉપર સ્ટેટ આર એન્ડ બી દ્વારા ડિવાઈડર ફીટ કરવામાં આવ્યા બાદ ડામર રોડની સાઈડોને સાફ કરવામાં આવતા લોકોમાં રાહત પ્રસરી છે. જૂનાગઢ આર એન્ડ બી(સ્ટેટ)માં ફરજ બજાવતા એસ.ઓ. વિવેક ગોસ્વામીને સ્થાનિક અગ્રણીઓએ ડામર રોડની બંને સાઈડો ધૂળથી દબાયેલ હોવાથી સાફ કરવા માટે રજૂઆત કરી હતી. જનતાની મુશ્કેલીને ધ્યાને લઈને વિવેક ગૌસ્વામી દ્વારા તાત્કાલિક ધોરણે સ્ટાફ અને જેસીબી મુકાવીને તમામ મુખ્ય માર્ગને સાફ કરાવી આપતા રોડ પહોળો થઈ જતાં ટ્રાફિક સમસ્યાનું નિરાકરણ આવ્યું હતું જેથી પ્રજાજનો એ રાહતનો શ્વાસ લીધો હતો. અને લોકોમાં આનંદની લાગણી પ્રસરી હતી. આમ, આર એન્ડ બી વિભાગની કામગીરીની લોકોએ પ્રશંસા કરી હતી.

# જૂનાગઢ જીલ્લા સમસ્ત સંધી સુન્ની મુસ્લીમ યુવા સમાજની રચના થઈ

## નવનિયુકત પ્રમુખની વરણીને સમગ્ર જીલ્લામાંથી અભૂતપૂર્વ આવકાર : શુભેચ્છાઓનો વરસાદ



જૂનાગઢ તા.૧

માણાવદરનાં કતકપરા ગામે તા. ૩૦-૧૦-૨૩નાં રોજ સંધી સમાજનાં આગેવાનો થૈયબભાઈ સેતા અને સમાજનાં યુવા સંધી નેતા આરીફભાઈ સેતાનાં ઘરે ગ્યારવી શરીફ નિમિત્તે એક ધાર્મિક મહેફીલ અને ન્યાઝનું આયોજન થયું હતું. જેમાં જીલ્લાનાં અલગ અલગ સ્થળોએથી મૌલવીઓ, સુફીઓ, સંતોની પાવન હાજરી અને સમગ્ર જીલ્લામાંથી વિવિધ ગામો અને શહેરોમાંથી સંધી સમાજનાં નામી અનામી વડીલો, યુવાઓ, સામાજીક કાર્યકરો, અલગ અલગ ગામોનાં સરપંચો, વિવિધ ક્ષેત્રનાં આગેવાનો, હોદેદારોની હાજરીમાં એક મીટીંગનું આયોજન થયું હતું. જેમાં સંધી સમાજની ઉત્થાન પ્રગતિ માટે અને સામાજીક સંગઠન શૈક્ષણિક આર્થિક વિકાસ અને વિવિધ ક્ષેત્રે જાગૃતિ ફેલાવવાનાં શુભ આશયથી ઘણા સમયથી સમાજ માટે એક ટ્રસ્ટ રચવાનું આયોજન થયું હતું. જેના સંદર્ભે જૂનાગઢ જીલ્લા સમુહ સંધી સુન્ની યુવા મુસ્લીમ સમાજનાં નેજા હેઠળ ચેરીટી કમિશ્નર જૂનાગઢ દ્વારા બી-૧૩૪ નંબરનું રજીસ્ટ્રેશન હાલમાં થયું છે. જે સંદર્ભે ઉપરોકત મુકામે સમાજ આગેવાનોની હાજરીમાં પત્રકાર આલમ સાથે છેલ્લા ત્રીસ વર્ષથી જોડાયેલા ચાર અખબારોના માલીક તંત્રી એવા કયારેય લાઈમ લાઈટમાં ન આવેલા અને ઈન્ડીયન ફેડરેશન ન્યુઝ પેપર્સમાં વર્ષોથી જોડાયેલા અને ગુજરાત રાજય મંત્રી તરીકે સેવા આપી રહેલા સંધી સમાજનાં અમીનભાઈ સીડાની પ્રમુખ તરીકે સર્વ સંમતિથી નિમણુંક થઈ જેને સમાજનાં આગેવાનોએ હર્ષોઉલ્લાસથી વધાવેલ છે.

નવા નિયુકત પ્રમુખનાં પ્રાસંગીક પ્રવચનમાં સામાજીક જાગૃતિ, સંગઠન, જમીનની લેવલના આયોજનોની રૂપરેખા અને ભાઈચારો એકતા વધારવા માટેનાં પ્રયત્નો, સામાજીક બદીઓ દૂર કરવા માટેના સચોટ પગલાઓ, સમાજીક શૈક્ષણિક, આર્થિક, ધાર્મિક, પછાતપણામાંથી સમાજનો ઉત્કર્ષ વિકાસ માટેના વિવિધ કાર્યો પગલાઓ અને સચોટ પ્રવૃતિની હિમાયત કરી, સમાજનાં બુધ્ધિ ધનનો સદઉપયોગ કરી, માનવતાના ધોરણે અને નહી નફો નહી નુકશાનનાં મંત્ર સાથે અલગ અલગ કાર્યોની શુભારંભ કરવાની જાહેરાત થઈ હતી. જેમાં સમાજનાં લોકો માટે સીવીએસ સેન્ટર, ખ્વાજાનગર મસ્જીદ સામે શરૂ કરવામાં આવેલ છે. સંધીપરામાં સમાજની બહેનો માટે શિવણ કલાસ, ટયુશન કલાસ, કોમ્પ્યુટર કલાસ માટે જોરશોરથી તૈયારી શરૂ કરવામાં આવી છે. ખુબ જ ટુંકા સમયમાં સમાજની આરોગ્ય ક્ષેત્રે એમ્બ્યુલન્સ સેવા શરૂ કરવામાં આવનાર છે. સર્વરોગ નિદાન કેમ્પનાં આયોજન માટે પણ પુરજોશથી ટીમ વર્કથી તૈયારીઓનો આરંભ થયો છે. સમાજનાં કાર્યકરો, આગેવાનોનો ઉત્સાહ જળવાઈ રહે તે માટે દાનવીરોએ પણ બમણા ઉત્સાહથી સમાજનાં કાર્યો માટે બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યકરોને શુભેચ્છા સાથે બિરદાવ્યા હતાં. આ પ્રસંગે સમાજનાં આગેવાનોએ પ્રાસંગીક પ્રવચનો કર્યા હતાં. જેમાં પ્રેરક ઉપસ્થિતિમાં અબ્દુલભાઈ સેતા, હાજીભાઈ ઠેબા, હબીબભાઈ સાંધ, સુલેમાનભાઈ સીડા, તૈયબભાઈ સેતા, જાફેરભાઈ સેતા, ડો. હિંગોરા, યુવા નેતા આરીફભાઈ સેતા, મુસાત્વા વિશળ અને અલગ અલગ ગામો, શહેરોમાંથી પધારેલા આગેવાનો, કાર્યકરો, સરપંચો, યુવાનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહયો છે.

# ખંભાળિયામાં રખડતા આખલાએ ઢીંકે ચડાવતા વૃદ્ધાને ગંભીર ઈજા



(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧

ખંભાળિયા નજીકના વાડી વિસ્તારમાં રહેતા એક વૃદ્ધ મહિલાને રસ્તે રઝળતા આખલાએ ઢિંકે લેતા આ મહિલાને ગંભીર ઈજાઓ સાથે અહીંની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ખંભાળિયા શહેર નજીક આવેલા શક્તિનગર વિસ્તારની વીંધાણી વાડી ખાતે રહેતા વીરૂબેન વાલજીભાઈ કણજારીયા નામના ૮૫ વર્ષના મહિલા ગઈકાલે અહીંના બજાણા રોડ પરથી પસાર થઈ રહ્યા હતા, ત્યારે આ માર્ગ પર એક બળદએ વીરૂબેનને ઢિંક મારી દેતા તેમને શરીરના જુદા જુદા ભાગોમાં ગંભીર ઈજાઓ સાથે અહીંની સરકારી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા.

ત્યારે કોઈ જીવને બનાવ બને તે પૂર્વે રસ્તે રઝડતા ઢોરના ત્રાસને નાથવા મહિલાના પરિવારજનો દ્વારા તંત્ર સમક્ષ માંગ કરવામાં આવી છે.

# બીલખામાં લોખંડી પુરૂષ વલ્લભભાઈ પટેલની ૧૪૮મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બીલખા તા.૧

બીલખામાં આવેલા લેઉઆ પટેલ સમાજની વાડીમાં અખંડ ભારતના શિલ્પી અને લોખંડી પુરૂષ વલ્લભભાઈ પટેલની ૧૪૮મી જન્મજયંતીની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી.

ગઈકાલે સાંજે ૫ વાગ્યે વલ્લભભાઈ પટેલની પ્રતિમાને હારતોરા કરી પુજન અર્ચન કરવામાં આવ્યું હતું. બાદમાં વિદ્યાર્થી ભાઈ-બહેનો દ્વારા સરદાર સાહેબના જીવન વિશે વકતવ્યો આપ્યા હતા.

આજના પ્રસંગે રાસ-ગરબાનું પણ આયોજન કરવામાં આવેલ બાદમાં સમુહ પ્રસાદનું આયોજન પણ કરવામાં આવ્યા હતા.

આ ઉજવણીમાં બીલખા અને આસપાસના ગામોના આમંત્રીત મહેમાનો અને આ વિસ્તારની ખોડલધામ સમિતીના આગેવાનો ઉપસ્થિત રહયા હતા.

# જૂનાગઢમાં ગળાફાંસો ખાઈ યુવાનનો આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા)

જૂનાગઢ તા.૧

જૂનાગઢ શહેરમાં એક યુવાને ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો છે. આ બનાવ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર રાની ઉર્ફે રોની નિરંજનભાઈ રાજબંશી હિન્દુ બંગાલી(ઉ.વ.૨૬) રહે.હાલ કાળવા ચોક, ડાયમંડ ગલીમાં, મુરલીધર લોજમાં, અગાસી ચોથો માળ, જૂનાગઢ મુળ વતન પશ્ચિમ બંગાળ વાળાએ કોઈ અગમ્ય કારણોથી પોતાની મરજીથી ગળેફાંસો ખાઈ લેતા તેનું મૃત્યું થયું છે. આ બનાવ અંગે બી ડીવીઝન પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

# ખંભાળિયાની સગીરાનું સોશિયલ મીડિયા પર ફેક એકાઉન્ટ બનાવીને પજવણી કરતા સગીર સહાધ્યાયી સામે કાર્યવાહી

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ઓનલાઈન ફ્રોડ તેમજ સોશિયલ મીડિયાના કારણે થતી હાલાકીના અનેક બનાવ પ્રકાશમાં આવ્યા છે. જે સંદર્ભે જે-તે આસામીની કથિત બેદરકારી તેમજ જાગૃતિના અભાવ સાથે સાયબર ગઠીયાઓની ચાલાકીને દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર સેલ દ્વારા પગેરું મેળવીને આરોપી સુધી પહોંચવામાં સફળતા મેળવી છે.

ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવા સોશિયલ મીડિયાના પ્લેટફોર્મ થકી મહિલાઓની થતી પજવણીના ગંભીર મુદ્દે દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયએ ખાસ લક્ષ્ય કેળવી અને આ મુદ્દે ગંભીરતાપૂર્વક કાર્યવાહી કરવામાં આવી રહી છે. જે માટે સાયબર સેલ વિભાગે આ પ્રકારના ગુનાઓનો મહદ અંશે ભેદ ઉકેલની કાઢ્યો છે.

ત્યારે ખંભાળિયામાં થોડા સમય પૂર્વે એક સગીર વિદ્યાર્થીની સાથે સંબંધ કેળવવા માટે તેની સાથે શાળામાં અભ્યાસ કરતા કાયદાથી સંઘર્ષિત એક કિશોર દ્વારા સાથી સહાધ્યાયી વિદ્યાર્થીનીનું સોશિયલ મીડિયાનું એકાઉન્ટ નજરે પડતા આ કિશોરે ફરિયાદી સગીરાને મળતું આવતું ઈન્સ્ટાગ્રામનું ફેક એકાઉન્ટ બનાવી કાઢ્યું હતું. આ ફેક આઈ.ડી.માંથી સગીરાના ફોટાને પ્રોફાઈલ ફોટા તરીકે રાખી, આ ફેક આઈ.ડી.ના મેસેન્જર મારફતે આ કિશોરે તેણીને બિભત્સ મેસેજ કર્યા હતા. આટલું જ નહીં, ફરિયાદી સગીરાના સગા-સંબંધીઓને પણ તેને મેસેજ કરવા ઉપરાંત સગીરા પાસે અવારનવાર બિભત્સ માંગણીઓ પણ કરી હોવાનો સમગ્ર બનાવ ખંભાળિયાના પોલીસ દફતરે નોંધાયો હતો. જે અંગે પોલીસે આઈ.ટી. એક્ટ, પોક્સો એક્ટ સહિતની જુદી જુદી કલમ હેઠળ ગુનો નોંધ્યો હતો.

આ ગંભીર મુદ્દે દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર સેલ વિભાગના પી.આઈ. એ.વાય. બ્લોચ દ્વારા તાકીદની કાર્યવાહી કરી, અને ટેકનિકલ સર્વેલન્સના આધારે આ ગુનામાં કાયદાથી સંઘર્ષિત કિશોરને ડીટેઈન કરી લીધો હતો. આ સમગ્ર કાર્યવાહી સાયબર સેલ વિભાગના પી.આઈ. એ.વાય. બ્લોચ, પી.એસ.આઈ. એસ.વી. કાંબલીયા, એ.એસ.આઈ. મનવીરભાઈ ચાવડા, ધરણાતભાઈ બંધીયા, મુકેશભાઈ કેસરિયા, હેમંતભાઈ કરમુર, રાજુભાઈ ઢેબાણીયા, હેભાભાઈ ચાવડા, પબુભાઈ ગઢવી તેમજ મુકેશભાઈ નંદાણીયા દ્વારા કરવામાં આવી હતી. ફેસબુક અને ઈન્સ્ટાગ્રામ જેવી સોશિયલ મીડિયા એપનો ઉપયોગ કરતા જિલ્લાના લોકોને આ મુદ્દે સાવચેત રહી, વિવેકપૂર્વકનો ઉપયોગ કરવા તેમજ બ્લેક મેઈલ કે ઓનલાઈન ફ્રોડના બનાવમાં સ્થાનિક પોલીસ અથવા સાયબર સેલ વિભાગનો સંપર્ક સાધવા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા જાહેર જનતા જોગ અપીલ કરવામાં આવી છે.

# રાષ્ટ્ર મને ઉપયોગી કે હું રાષ્ટ્રને ઉપયોગી વિષય ઉપર આજે રાષ્ટ્ર સંત ગુરૂદેવ નમ્રમુની મહારાજનું વકતવ્ય

જૂનાગઢ તા.૧

શ્રી કેશવ સ્મારક પ્રતિષ્ઠાન જૂનાગઢ દ્વારા પ્રબુધ્ધ નાગરિક માસિક મિલન સમારોહનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત આજે ૧ નવેમ્બર ૨૦૨૩ રાત્રે ૯ કલાકે પારસધામ ગીર ફાર્મ ખાતે રાષ્ટ્ર મને ઉપયોગી કે હું રાષ્ટ્રને ઉપયોગી તે વિષય ઉપર રાષ્ટ્ર સંત પૂજય ગુરૂદેવ નમ્રમુની મહારાજ સાહેબ આર્શીવચન અને વકતવ્ય આપશે. આ કાર્યક્રમમાં નગરજનોને ઉપસ્થિત રહેવા સંસ્થાના પ્રમુખ જીતેન્દ્ર ભીંડી દ્વારા અનુરોધ કરાયો છે.

# જૂનાગઢ એસટીનાં કર્મચારી ભલાભાઈ જોશીનો વિદાય સમારંભ યોજાયો



જૂનાગઢ તા. ૧ : જૂનાગઢ એસટીનાં કર્મચારી ભલાભાઈ જોશી વયમર્યાદાનાં કારણે નોકરીમાંથી નિવૃત્ત થતા બ્રહ્મ સમાજ, સાધુ સમાજ દ્વારા તેમનું ભવ્ય વિદાયમાન બસ સ્ટેન્ડ જૂનાગઢ ખાતે યોજવામાં આવ્યું હતું. અને ભલાભાઈ જોશી તેમની નિવૃત્તિ બાદનું શેષજીવન નિરોગી, સુખ-શાંતિ અને સમૃધ્ધિ સાથે સમાજ સેવામાં પસાર કરે તેવી શુક કામના સાથે તેમને વિદાયમાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે ગજેન્દ્ર બાપુ, સુભાષભાઈ મહેતા, દિલીપભાઈ રવીયા, રાજુભાઈ જોશી, કિરણભાઈ પંડયા, મિથુનભાઈ નિમાવત, અતુલભાઈ વગેરે ઉપસ્થિત રહયા હતાં.

(તસ્વીર : જયેશ મહેતા)

